# શ્રી વીશસ્થાનક તપ

## આરાધના વિધિ




**પૂ. પન્યાસ પ્રવર શ્રી અરૂણ વિજયજી ગણીવર્ય મહારાજ**

(राष्ट्रभाषा रत्न, साहित्यरत्न (M. A.), जैन-न्याय दर्शनाचार्य (M. A.))



૫ શિખરી - ૫ ગભારા તથા ૨ માળ વાળા વિશાળ જિનાલય માં
મૂળનાયક રૂપે બિરાજમાન, ગાદી-પંચતીર્થો પરિકર-ભામંડલાદિ યુક્ત
શ્યામ વર્ણવાળા-અત્યન્ત ચમત્કારી અને પ્રગટ પ્રભાવી પુરૂષાદાણી

## શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાન

દર્શનાર્થે - શ્રી ગોવાલીયા ટૅંક જૈન - મુંબઈ પધારવા હાર્દિક આમંત્રણ



# વીશસ્થાનક તપ

## આરાધના વિધિ


પૂ. પંન્યાસ પ્રવર
શ્રી અરુણવિજયજી ગણીવર્ય મ.
(રાષ્ટ્રભાષારત્ન, સાહિત્યરત્ન M.A., જૈન ન્યાયદર્શનાચાર્ય M.A.)



**नम्र सूचन**

इस ग्रन्थ के अभ्यास का कार्य पूर्ण होते ही नियत समयावधि में शीघ्र वापस करने की कृपा करें. जिससे अन्य वाचकगण इसका उपयोग कर सकें.



**શ્રી ગોવાલીયા ટૅંક જૈન સંઘ**
શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલય, ૮૭, આરાધના ભવન,
ખંભાલા હિલ, ઑગષ્ટ ક્રાન્તિ માર્ગ, મુંબઈ - ૪૦૦ ૦૩૬.

બાહ્વ સ૬''' સાર્મ્રુિ૪ ત્ાંઠાક્શાવ૪ વ્ા સાાકાણવા'

ાપ્રાક્રપ - ત્રા સ઼ણમા ગ્ાટતાગ્રલ ત્રા ત્ાંઠાક્શાવ૪ અ૬ાર્તઙવ

ગાટાઠા૪ - **ત્રા ગ્ાતાલાત્રાઙ઼૪ ક્રવ સ઼ણ' મ઼ેલ૬**

સ઼ગાદ૪ - ર્ગ ગ઼ુસાક ત્રા સાડેકાઉત્ર્ઝગ ગઉાતગ઼ અ૬ાકાઝ

તેક્વ૪વે઼ વાઅ - **ત્રા ત્ાંઠાક્શાવ૪ વગ સાાકાણવા ાપ્રાણ**

**વીર સં. ૨૫૨૩ ઈ. સ. ૧૯૯૭ વિ. સ. ૨૦૫૩**

નકલ :- ૧૦૦૦

**મૂલ્ય :- વીશસ્થાનક ની આરાધના**


**પ્રાપ્તિસ્તાન**

**શ્રી ગોવાલીયા ટૈંક જૈન સંઘ**

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલય, ૮૭, આરાધના ભવન,
ખંભાલા હિલ, ઑગષ્ટ ક્રાન્તિ માર્ગ, મુંબઈ - ૪૦૦ ૦૩૬.

મુદ્રક મલ્ટી ગ્રાફિક્સ

# શ્રી વીશસ્થાનક તપ (ભાવના યોગ)

જૈન ધર્મ અવતાર વાદની પદ્ધતિ નથી માનતો. અર્થાત્ કોઈ ઉપરથી આવીને અવતાર રુપે ભગવાન બની જાય એવી વાત નથી સ્વીકારતો. પણ अप्पा सो परमप्पा - આત્માજ પરમાત્મા બને છે એ સિદ્ધાન્ત સ્વીકારે છે. જૈન સિદ્ધાન્ત કહે છે કે દરેક ભવ્યાત્મા ને પરમાત્મા થવાનો પૂરેપૂરો અધિકાર છે. ભગવાન બનવાની પ્રક્રિયા અપનાવીને આગળ વધનાર કોઈ પણ ભવ્ય જીવ ભગવાન સહેલાઇ થી બની શકે છે. આટલી ઉદાર છૂટ જગત્ નો બીજો કોઈ ધર્મ નથી આપતો. હિન્દુ ધર્મના વેદ-વેદાન્તો એક જ બ્રહ્માને માને છે. અને તે જ વારંવાર આવીને અવતાર લઈ ભગવાન બને છે. બીજો કોઈ જીવ ભગવાન બનીજ ન શકે. ખ્રીસ્તી અને ઈસ્લામ ધર્મે પણ એવી નાકા બંદી કરી રાખી છે કે... બીજો કોઈ ભગવાન બનીજ ન શકે. એક માત્ર જે અલ્લાહ અને પરમપિતા છે તે જ અવસરે-અવસરે આવે છે, અને અવતાર લઈ ભગવાન બને છે.

વળી... સૃષ્ટિની રચના કરે એ જ ઈશ્વર, અને જો ઈશ્વર હોઈને સૃષ્ટિ ની રચના ન કરે તો ઈશ્વર ન કહેવાય. આ સૃષ્ટિ ની ઉત્પત્તિ કરે, એનું પાલન કરે અને અન્તે એનો સંહાર- પ્રલય કરે તે જ ઈશ્વર કહેવાય. આવી સૃષ્ટિકર્તૃત્વવાદી હિન્દુ આદિ ધર્મોની માન્યતા પ્રચલિત છે. જૈન ધર્મ હિન્દુ આદિ ધર્મોની આવી માન્યતા બિલ્કુલ નથી માનતો. ઈશ્વર ના વિષય માં જૈન ધર્મની પોતાની સ્વતંત્ર-મૌલિક સિદ્ધાન્તધારા બિલ્કુલ જૂદી જ છે.

ભગવાન કેવી રીતે બની શકાય છે? શું કરવાથી ભગવાન બની શકાય છે ? એની રીત-પદ્ધતિ શું છે ?. કેવી રીતે ? અને શું કરવાથી ભગવાન બની શકાય છે? આના ઉત્તરમાં સુંદર સુયોગ્ય-માર્ગ-પદ્ધતિ જૈન સિદ્ધાન્તમાં સ્પષ્ટપણે અને સુવ્યવસ્થિત દર્શાવવામાં આવી છે. એ જ માર્ગે ચાલીને આદીશ્વર, પાર્શ્વનાથ, મહાવીરસ્વામી આદિ અનેક આત્માઓ પરમેશ્વર-પરમાત્મા બન્યા છે. એની પ્રક્રિયા માં સ્પષ્ટ પણે જણાવવામાં આવ્યુ છે કે કોણ, કેટલા ભવે, કેવી રીતે, શું કરીને ભગવાન બન્યા છે ? તે જણાવવામાં આવ્યુ છે.

ભગવાન બનનાર આદીશ્વર-પાર્શ્વનાથ આદિ આત્માઓ પણ ભૂતકાલીન ભવો માં- પાછલા જન્મોંમાં આપણા જેવી જ સામાન્ય કક્ષાની સાધારણ આત્માજ હતા. કાળાન્તરે ભગવાન બનવાની સાચી દિશામાં પ્રયાણ કર્યુ. આગળ વધતાજ ગયા અને અન્તે પરમાત્મા- ભગવાન બની

ગયા. ઉદાહરણાર્થ- ધનસાર્થવાહ નો જીવ વ્યાપારાર્થે વહાણવટિયાના વ્યવસાયમાં દેશ-વિદેશ જતા- આવતા રહેતા હતા. એક દિવસ પૂ.ધર્મઘોષ સૂરિ આચાર્ય મ. નો યોગ મળ્યો, ઘી વહોરાવ્યુ, ધર્મલાભ મેળવી, સમ્યક્ત્વ પામી અને ભગવાન બનવાની દિશા માં આગળ વધી. વીશસ્થાનકની આરાધના કરી ૧૩મા ભવે પ્રથમ તીર્થંકર શ્રી આદીશ્વર ભગવાન બની ગયે.

એવી જ રીતે આ સંસાર ચક્રમાં પરિભ્રમણ કરનાર મરુભૂતિ નામનો સામાન્ય ગૃહસ્થ જીવ-ધર્મપામી પ્રથમ ભવમાં સમ્યક્ત્વ ના બીજ વાવી, ૮માં ભવે તીર્થંકર નામકર્મ નિકાચિત કરી ૧૦માં ભવે શ્રી પાર્શ્વનાથ ભગવાન બનીને મોક્ષે ગયા.

એવી જ રીતે આ સંસાર ચક્રમાં પરિભ્રમણ કરનાર નયસાર નામના કઠિયારા નો જીવ જંગલમાં મુનિ મહાત્મા પાસે ધર્મ પામી, સમ્યક્ત્વના બીજ વાવીને આગળના ભવો માં ૨૫ મા ભવે વીશસ્થાનક તપની અદ્ભૂત આરાધના કરી ૨૭ મા ભવે મહાવીરસ્વામીના રુપમાં ભગવાન બનીને મોક્ષે ગયા. અહીં એક સ્પષ્ટીકરણ ખાસ ધ્યાનમાં રાખવા જેવુ એ છે કે..... આદીશ્વરનો જીવ પાછો સંસારમાં આવીને પાર્શ્વનાથ બન્યો નથી. અને પાર્શ્વનાથનો જ જીવ ફરી સંસારમાં આવીને મહાવીરસ્વામી બન્યો નથી. હા.. ફરી પાછો આવીને તે જ જીવ વારેવારે ભગવાન બનતો હોત તો અવતારવાદ કહેવાત. પરન્તુ જૈન ધર્મનો સ્પષ્ટ સિદ્ધાન્ત એ પણ છે કે.. એકવાર મોક્ષમાં ગયા પછી ફરી થી આ સંસાર માં પાછા અવાતુ નથી. મોક્ષમાંથી પાછા આવી કોઈ સંસારમાં જન્મ લેતુ નથી. માટે અવતારવાદની પ્રક્રિયા સ્વીકારવાનો કોઈ આધાર જ નથી.

ભગવાન થયેલા કોઈપણ તીર્થંકર ભગવન્તોના પૂર્વ ભવો માં ડોકિયુ કરવાથી તેમને ભગવાન બનવા માટે શું શું કર્યુ છે તે સ્પષ્ટ પ્રક્રિયા નો ખ્યાલ આવશે. આવી રીતે વીતેલા અનન્ત ભૂતકાળમાં ૨૪-૨૪ તીર્થંકરોની શ્રેણી માં અનન્ત તીર્થંકર ભગવન્તો થઈ ગયા છે. એ બધાએ ભગવાન બનવાની વીશસ્થાનક ની આરાધના ના માર્ગનું જ આચરણ કર્યુ હતુ અને એ પ્રક્રિયાથી જ ભગવાન બન્યા હતા. માટે જેનો અનન્ત આત્માઓએ અનન્ત કાળથી આચરણ કર્યુ હોય તે પ્રક્રિયા શાશ્વત છે. ત્રિકાળસ્થાયી છે. યાદ રાખજો અપરિવર્તનશીલ એ શાશ્વત પ્રક્રિયા ત્રણેકાળ બધા જીવો માટે સમાન રુપે આચરણીય છે. બીજી-બીજી પ્રક્રિયા બદલાતી નથી. એકની એકજ પ્રક્રિયા એ જ રાજ માર્ગ છે. અને એ પ્રક્રિયાનું નામ છે- વીશસ્થાનક તપ ની આરાધના.

આજ દિવસસુધી થઈ ગયેલા અનન્તા તીર્થંકર ભગવન્તોએ આ જ વીશસ્થાનક તપની આરાધના કરી હતી, કરતા આવ્યા છે અને ભગવાન બનતા ગયા છે.

હા... એટલો ફરક જરુર છે કે આ ૨૦ પદો માંથી કોઈ ૧ - પદની આરાધના કરીને તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કરે, કોઈ ૨ - ૪ પદોની આરાધનાથી, અને કોઈ વીશે-વીશ પદોની આરાધના કરીને તીર્થંકર નામ કર્મ બાંધે છે. દા.ત. ભગવાન આદીશ્વર દાદાનો જીવ ધનસાર્થવાહ ૧૧માં ભવમાં ૧ પદની આરાધના કરીને જ તીર્થંકર નામકર્મ ઉપાર્જન કરે છે, અને ૧૩માં ભવમાં ભગવાન આદિનાથ થાય છે. જયારે નયસાર નો જીવ ૨૫ માં નંદનરાજર્ષિના ભવમાં વીશે વીશ પદોની આરાધના ઉત્કૃષ્ટ પણે કરીને તીર્થંકર નામ કર્મ બાંધે છે અને ૨૭માં ભવે ભગવાન મહાવીર સ્વામી બને છે. વીશસ્થાનક ના ૨૦ પદો માંથી ઓછા-વધારે પદોની આરાધના સંભવ છે પરન્તુ તેમાં આધારભૂત-પ્રાણભૂત ''સવિજીવ કરું શાસન રસી''ની ભાવવામાં કચાશ નથી ચાલતી.

જૈન ધર્મ એકેશ્વરવાદી નથી. અનેકેશ્વરવાદી છે. એકાત્માવાદી દર્શન નથી. અનેકાત્મવાદી દર્શન છે. અનન્ત આત્માઓનું અસ્તિત્વ સ્વીકારે છે માટે અનન્તાત્મવાદી દર્શન છે. ભગવાન ને સૃષ્ટિના રચયિતા-કર્તા વગેરે નથી માનતો. જૈન ધર્મ નો સ્પષ્ટ સિદ્ધાન્ત છે કે ભગવાન બનાવનાર નથી. ભગવાન બતાવનાર છે. સૃષ્ટા નથી. માત્ર દૃષ્ટા છે. મોક્ષ માર્ગ દેખાડનારા દૃષ્ટા છે. માટે ભગવાન લીલા કરતા નથી. અને લીલા કરે તે ભગવાન કયારેય કહેવાતા નથી. અને અવતાર લેનારા તો સંસારી જીવ કહેવાય છે. ભગવાન ને અવતાર લેવાની વાત જ સાચી નથી. અવતાર એટલે જન્મ, જે જીવ ના કર્મો નું પ્રમાણ ઘણું હોયતે વારેવારે સંસારમાં જન્મ લે છે. આવે છે. મૃત્યુ પામે છે અને જાય છે, ફરી જન્મ લે છે અને ફરી મૃત્યુપામી ચાલ્યો જાય છે. આવી જ રીતે અવતારવાદ હોય તો તે ભગવાન કયાંથી ગણાય ? સામાન્ય જીવ કહેવાય.

**તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કરવાની પ્રક્રિયા-**

અરિહંત- સિદ્ધાદિ એવા આરાધનાના ૨૦ પદો છે. આ ૨૦ પદો ની આરાધના કરતા-કરતા.. તે તે પદો સાથે એવી તન્મયતા આવી જાય કે... સાધક એ પદો ને આત્મસાત્ કરી લે છે. જીવનમાં ચરિતાર્થ થઈ જાય છે. સંપૂર્ણ પણે સમર્પણ કરી સક્રિય બની ને સાધક એ માટે તપ-તપશ્ચર્યા કરતા-કરતા - આત્મબલ વિકસાવે છે. અને સાથે સાથે ઉત્કૃષ્ટ

કક્ષાના ભાવોની ભાવના ભાવે છે. બાહ્ય શરીર થી બાહ્ય તપ પણ ઉત્કૃષ્ટ કક્ષા નું કરે છે, અને આભ્યન્તર કક્ષામાં મન ને ઉત્કૃષ્ટ પણે સંયોગ થતા જ આરાધક આત્મા તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કરે છે.

૮ કર્મો માં નામકર્મ પણ એક કર્મ છે. આ નામ કર્મની ૧૦૩ પ્રકૃતિઓ છે. ૪ અઘાતી કર્મો ની મળી ને શુભ પુણ્ય પ્રકૃતિઓ ફકત ૪૨ જ છે, એ ૪૨ માં પણ સર્વોત્કૃષ્ટ કક્ષાની શુભ પુણ્ય પ્રકૃતિમાં તીર્થંકર નામકર્મની પ્રકૃતિ નું જ એક માત્ર નામ આવે છે. આ તીર્થંકર નામકર્મ બાંધવાથી જ... બંધાયા પછી જ ભગવાન બની શકાય છે. તે સિવાય સંભવ જ નથી. તીર્થંકર નામકર્મ પણ જે ભવમાં બાંધે તે જ ભવમાં તરતજ ભગવાન બની જવાતુ નથી. પરન્તુ તેના ત્રીજા ભવે જ બની શકાય છે. તીર્થંકર નામ કર્મ બાંધ્યુ તે ૧ ભવ, ત્યાર પછી દેવ અથવા નારકીનો જે ભવ કરે તે બીજો ભવ, અને છેલ્લા ભવમાં તીર્થંકર નામ કર્મનો ઉદય થતા જીવ તીર્થંકર બને છે. એવી રીતે ૩ ભવ તો અનિવાર્ય પણે કરીને જ જીવ ભગવાન બની શકે છે. અને મોક્ષે જઈ શકે છે.

આ પ્રક્રિયા જૈન ધર્મમાં ભગવાન બનવાની છે. માટે આજે ને આજે કોઈ ભગવાન બની શકતો નથી. કોઈ પણ વ્યક્તિ વિશેષ... ઈચ્છે તો પણ આજે ને આજે ભગવાન બની શકતો નથી. પરન્તુ બહાર એવી પણ વ્યવસ્થા અન્ય ધર્મો માં દેખાય છે. આજે ને આજે કોઈ જાહેર કરી દે છે કે... હું ભગવાન છું, અથવા ભગવાન બની બેસે છે. કોઈ પોતે જ બની બેસે છે તો કેટલાક ભેગા થઈને કોઈને ભગવાન તરીકે સ્વીકારી લે છે, અથવા જાહેર કરે છે. આજના આ કળીયુગ માં પણ થોડી- ઘણી શક્તિઓ મેળવીને ભગવાન તરીકે પંકાતા હોય છે. અને શક્તિઓ માં પણ શું છે ? થોડાક બાહ્ય ચમત્કાર કરતા આવડે ...અને કોઈના દુઃખોનું તાત્પુરતુ પણ નિવારણ કરતા આવડે એટલે બસ... થઈ ગયા ભગવાન. પરન્તુ એ બિચારા સમજતા નથી કે આવા દુઃખ-દર્દ નિવારક ચમત્કાર કરવાની શક્તિઓ માત્રથી કંઈ ભગવાન બનાતુ નથી. છતાં પણ અજ્ઞાનવશ- આવી ભગવાન બનવાની બાલીશ ચેષ્ટા કરી બેસે છે. આવા ભગવાન બની જવા છતાં પણ ભગવદ્પણાનાં કોઈ ગુણોં તેમનામાં દેખાતા નથી. વીતરાગતા, સર્વજ્ઞતા, કર્મનાશ, કે મોક્ષ માર્ગની પ્રરુપણા... આવા એક પણ ગુણનો અંશ પણ આવા બની બેઠેલા ભગવાનોં માં નથી દેખાતો . અને છતાં પણ ભગવાન તરીકે પંકાતા હોય છે. એમને માનનારા બેચારા અજ્ઞાની ભોલા- ભદ્રિક જીવો નું ટોળું હોય છે. અને આવા ટોળાને પોતાના અનુયાયી સમજીને કેટલાય ભગવાનો અંહકારને ખૂબ

વધારીને અહં ભાવની પુષ્ટિ કરતા હોય છે. આ રીતે કળીયુગ ના સંસાર માં કર્મોનું નાટક ચાલતુ જ હોય છે.

**વીશસ્થાનક માં તપની આવશ્યકતા-**

વીશસ્થાનક ના ૨૦ પદોની આરાધના તપશ્ચર્યા ના આધારે જ થવાની છે. તપ આત્મ ગુણ છે. માટે તપશ્ચર્યા આત્મિક ધર્મ છે. જૈન શાસનમાં આ ૨૦ પદોની આરાધના- ઉપાસના તપ વિના સંભવ જ નથી. બધા જ તીર્થંકર થતા ભગવાનોએ ભગવાન થવાના પૂર્વ ના ૩જા ભવે વિશિષ્ટ કક્ષાની તપશ્ચર્યા કરીને જ તીર્થંકર નામકર્મ ઉપાર્જન કરેલ છે. તે વિના સંભવજ નથી. દા.ત. ભગવાન મહાવીરસ્વામીએ ભગવાન મહાવીર થવાના પૂર્વના ત્રીજા ભવમાં અર્થાત્ ૨૫ માં નંદનરાજર્ષિના ભવમાં-૧૧,૮૦,૬૪૫ માસક્ષમણોં ની તપશ્ચર્યાની સાથે વીશસ્થાનક ના ૨૦ પદોની આરાધના કરી હતી. તેમનું ૨૫ લાખ વર્ષનું આયુષ્ય હતુ. તેમાંથી ૨૪ લાખ વર્ષ સંસારમાં ગૃહસ્થાશ્રમ માં વીતિ ગયા હતા. ફક્ત ૧ લાખ વર્ષ આયુષ્ય શેષ રહ્યુ ત્યારે ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરીને દીક્ષાલઈ સાધુ બન્યા. અને એ ૧ લાખ વર્ષ ના સંયમજીવન ના ચારિત્ર પર્યાયમાં ૧૧,૮૦,૬૪૫ માસક્ષમણોં ની ઉગ્ર તપશ્ચર્યા કરતા કરતા વીશસ્થાનક ની આરાધના કરી હતી. ત્યારે તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કર્યુ હતુ. અને તેના આધારે ૨૭ માં ભવમાં ભગવાન મહાવીરસ્વામી બન્યા હતા. જ્યારે આજે બેફામ ખાતા-પીતા અને કંઈજ ન કરતા કેટલાકોને ભગવાન બની જવુ છે. જો કે.. તીર્થંકર થનારા બધાજ જીવો આટલીજ તપશ્ચર્યા કરે એવો કોઈ નિયમ નથી. ઓછી-વધારે ગમે એટલી કરે ... પરન્તુ કરે અવશ્ય. તે વિના તીર્થંકર નામકર્મ એમને એમ ઉપાર્જિત કરી શકાતુ નથી. માટે આજ દિવસ સુધી તપ કરવાની પરંપરા ચાલી જ આવે છે. આ તપ કરીને જ વીશસ્થાનક ની આરાધના કરી શકાય છે.

આજે પણ કોઈ વિરલા જીવો અઠ્ઠાઈ થી પણ કરતા હોય છે. કોઈ અટ્ઠમ થી પણ વીશસ્થાનકની આરાધના કરે છે. કેટલાક... અટ્ઠમથી કરે છે, કોઈ છટ્ઠ થી અને ૧ ઉપવાસ થી કરવાની પરંપરા વધારે પ્રચલિત છે. એનાથી ઓછી આયંબિલ- એકાસણા થી પણ વીશસ્થાનક ની આરાધના કરી શકાય છે. અને તેમાંપણ ૬ મહીના ની એક ઓળી હોય છે. ૬ મહીનાના ૧૮૦ દિવસો માં ફક્ત ૨૦ દિવસ જ ઉપવાસાદિ તપકરવાથી એક પદનો તપ થાય છે. ૨૦ -૨૦ દિવસની એવી ૨૦ પદોની ૨૦ ઓળીઓ કરવાની છે. દર ૬ મહીને ૧ ઓળી ગણતા ૧ વર્ષ માં ૨ ઓળી થાય છે. તેને કરતા-કરતા ૧૦ વર્ષ નો કાળ થાય છે. આ

૧૦ વર્ષના ગાળા માં ૨૦ ઓળીઓ પૂર્ણ થતા આ વીશસ્થાનક તપ પૂરુ થાય છે. આ રીતે યથાશક્તિ તપ કરીને પણ આરાધકોએ આરાધના કરવી જોઈએ.

**ભાવનાની અનિવાર્યતા-**

જેમ ઘી ચોપડ્યા વગર ની એકલી રોટલી લૂખી લાગે છે તેમ ભાવનાના રસ વિના એકલી તપશ્ચર્યા લૂખી લાગે છે. આથી એ સમજવાનું છે કે... એકલી તપશ્ચર્યા થી ભાવના વિના તીર્થંકર નામકર્મ ઉપાર્જન નથી થતુ. માટે ભાવના ભાવવી અનિવાર્ય છે. શેની ભાવના ? કઈ અને કેવી ભાવના ? એના ઉત્તરમાં સ્પષ્ટ જણાવે છે કે...

**જો હોવે મુજ શક્તિ ઈસી, સવિ જીવ કરું શાસનરસી,**
**શુચિરસ ઢળતે તિહાં બાંધતા, તીર્થંકર નામ નિકાચતા ॥**

- જો મને એવી કોઈ પ્રબલ શક્તિ મળે તો હું આ સંસારના બધા જીવોને જિન શાસનના રસિક-પ્રિય બનાવું જિન શાસનના રસિક બનાવવાનો સીધો અર્થ છે- मा कार्षित कोऽपि पापानि, मा च भूत कोऽपि दुःखिनः । આવી ભાવના અંતર માં પ્રબલ બનતી જાય. આ ધરતી ઉપર કોઈ પણ જીવ પાપ ન આચરે અને કોઈ પણ જીવ દુઃખી ન થાય. એવી પ્રબલ ભાવના વધતીજ જાય તો જ તીર્થંકર નામકર્મ બંધાય છે. ભાવના-પ્રાર્થના રુપ થઈ જાય છે. અને ક્ષેત્ર વિસ્તૃત થઈ જાય. કોઈ-કોઈ અને કેટલાક જ જીવો એવો ભેદ નથી રહેતો. ''સવિ જીવ'' આ શબ્દો જ કહે છે કે જગત્ના સર્વ જીવો નો ઉદ્ધાર કરવાની ભાવના અત્યન્ત પ્રબલ બનતી-બનતી ઘૂંટાતી જાય અને સાથે તપનો યોગ મળે તો તીર્થંકર નામકર્મ બંધાય છે. અને તેના ઉદયે ભવાન્તર માં તીર્થંકર થવાય છે.

ભાવિમાં તીર્થંકર બનવાની ઉંચી પવિત્ર ભાવનાથી આવી ઉંચી ભાવના ભાવતા- ભાવતા વીશસ્થાનક ની તપશ્ચર્યા કરવી જોઈએ.. એ માટે આ લઘુ સંસ્કરણ ઘણુંજ ઉપયોગી પડશે. આ લઘુ પુસ્તક માં. મંત્રો, પદો, વિધિઓ વગેરે વ્યવસ્થિત આપી છે. આરાધક ને ઉપયોગી થઈ શકશે. આ સાથે યન્ત્ર પણ આપવામાં આવે છે. આરાધક પુણ્યાત્માઓએ આ પુસ્તિકાનો ઉપયોગ આરાધનાર્થે કરીને તીર્થંકર બનવા આગળ વધે. એજ શુભ ભાવના.

૨૯-૮-૧૯૯૭. ગોવાલીયા ટૈંક જૈન સંઘ- મુંબઈ.

**પંન્યાસ અરુણવિજય મ.**

# વીશસ્થાનકના પદોની આરાધના કરીને તીર્થંકર નામકર્મ ઉપાર્જન કરનાર પુણ્યશાળીઓ-

૧ **અરિહંત પદની આરાધનાથી-**
દેવપાલના જીવે તીર્થંકર નામકર્મ બાદ્યું હતું.

૨ **સિદ્ધ પદની આરાધનાથી-**
હસ્તિપાલ રાજાના જીવે તીર્થંકર નામકર્મ બાદ્યું હતું.

૩ **પ્રવચન પદની આરાધનાથી-**
જિનદત્ત શેઠના જીવે તીર્થંકર નામકર્મ બાદ્યું હતું.

૪ **આચાર્ય પદની આરાધનાથી-**
પુરુષોત્તમ મહારાજના જીવે તીર્થંકર નામકર્મ બાદ્યું હતું.

૫ **સ્થવિર પદની આરાધનાથી-**
પદ્મોત્તર મહારાજના જીવે તીર્થંકર નામકર્મ બાદ્યું હતું.

૬ **ઉપાદ્યાય પદની આરાધનાથી-**
મહેન્દ્રપાલના જીવે તીર્થંકર નામકર્મ બાદ્યું હતું.

૭ **સાધુપદની આરાધનાથી-**
વીરભદ્રના જીવે તીર્થંકર નામકર્મ બાદ્યું હતું.

૮ **જ્ઞાનપદની આરાધનાથી-**
જયન્તરાજ ના જીવે તીર્થંકર નામકર્મ બાદ્યું હતું.

૯ **સ.દર્શન પદની આરાધનાથી-**
હરિવિક્રમરાજાના જીવે તીર્થંકર નામકર્મ બાદ્યું હતું.

**૧૧ ચારિત્રપદની આરાધનાથી**
વરુણદેવના જીવે તીર્થંકર નામકર્મ બાંધ્યું હતું.

**૧૨ બ્રહ્મચર્ય પદની આરાધનાથી**
ચન્દ્રવર્મા રાજાના જીવે તીર્થંકર નામકર્મ બાંધ્યું હતું.

**૧૩ ક્રિયાપદની આરાધનાથી-**
હરિવાહન રાજા ના જીવે તીર્થંકર નામકર્મ બાંધ્યું હતું.

**૧૪ તપ પદની આરાધનાથી-**
કનકેતુરાજાના જીવે તીર્થંકર નામકર્મ બાંધ્યું હતું.

**૧૫ ગૌતમ (દાન) પદની આરાધનાથી-**
હરિવાહન ના જીવે તીર્થંકર નામકર્મ બાંધ્યું હતું.

**૧૬ જિન પદની આરાધનાથી**
જિમિતકેતુ રાજાના જીવે તીર્થંકર નામકર્મ બાંધ્યું હતું.

**૧૭ સંયમ પદની આરાધનાથી**
પુરંદર રાજાના જીવ તીર્થંકર નામકર્મ બાંધ્યું હતું.

**૧૮ અભિનવ જ્ઞાનપદની આરાધનાથી**
સાગરચંદ્ર રાજાના જીવે તીર્થંકર નામકર્મ બાંધ્યું હતું.

**૧૯ શ્રુતપદની આરાધનાથી**
રત્નચૂડના જીવે તીર્થંકર નામકર્મ બાંધ્યું હતું.

**૨૦ તીર્થ પદની આરાધનાથી-**
મેરુપ્રભ સૂરિ નાજીવે તીર્થંકર નામકર્મ બાંધ્યું હતું.

તીર્થંકર નામકર્મ ઉપાર્જન કરેલા આ બધા જ શ્રેષ્ઠપુણ્યાત્માઓ મહાવિદેહ ક્ષેત્રમાં તીર્થંકર બની મોક્ષમાં પધારશે.

વીશસ્થાનક તપની આરાધના કરીને આગામી ચોવિશી માટે
તીર્થંકર નામકર્મ ઉપાર્જન કરી ભાવિમાં તીર્થંકર થનાર

# પુણ્યવંત મહાપુરુષો

**૧ શ્રેણિક મહારાજાનો જીવ-**
શ્રી પદ્મનાભ સ્વામી નામક પહેલો તીર્થંકર થશે.
આજ પહેલી નરકમાં છે.

**૨ સુપાર્શ્વનો જીવ (ભ.ભગવાન ના પિતરાઈ કાકા)**
શ્રી સૂરદેવસ્વામી નામક બીજા તીર્થંકર થશે.
આજે બીજુ દેવલોક માં છે.

**૩ ઉદાયિ રાજા (કોણીક પુત્ર)**
શ્રી સુપાર્શ્વનાથ સ્વામી નામક ત્રીજા તીર્થંકર થશે.
આજે ત્રીજા દેવલોકમાં છે.

**૪ પોટ્ટિલશ્રાવક નો જીવ-**
શ્રી સ્વયંપ્રભસ્વામી નામક ચોથા તીર્થંકર થશે.
આજે ચોથો દેવલોક માં છે.

**૫ દ્રઢાયુષ્યનો જીવ-**
શ્રી સર્વાનુભૂતિ સ્વામી નામક પાંચમા તીર્થંકર થશે.
આજે બીજા દેવલોકમાં છે.

**૬ કાર્તિક નો જીવ-**
શ્રી દેવશ્રુતસ્વામી નામક છટ્ઠ તીર્થંકર થશે.
આજે પહેલા દેવલોકમાં છે.

**૭ શંખ શ્રાવકનો જીવ-**
શ્રી ઉદયપ્રભ સ્વામી સાતમા તીર્થંકર થશે.
આજે બારમા દેવલોકમાં છે.

**૮ આનન્દ મુનિનો જીવ**
શ્રી પેઢાલસ્વામી નામક આઠમા તીર્થંકર થશે.
આજે પહેલાં દેવલોકમાં છે.

**૯ સુનન્દ શ્રાવકનો જીવ-**
શ્રી પાટ્ટિલસ્વામી નામક નવમાં તીર્થંકર થશે.
આજે પાંચમાં દેવલોક માં છે.

**૧૦ શતક શ્રાવકનો જીવ-**
શ્રી શતકીર્તિ સ્વામીનામક દશમા તીર્થંકર થશે.
આજે ત્રીજી નરકમાં છે.

**૧૧ દેવકી (કૃષ્ણની માતા)નો જીવ-**
શ્રી સુવ્રતનાથ સ્વામી નામક અગ્યારમા તીર્થંકર થશે.
આજે આઠમાં દેવલોકમાં છે.

**૧૨ શ્રી કૃષ્ણવાસુદેવ નો જીવ-**
શ્રી અમમસ્વામી નામક બારમા તીર્થંકર થશે.
આજે ત્રીજી નરકમાં છે

**૧૩ સત્યકી વિદ્યાધર-**
શ્રી નિષ્કષાય સ્વામી નામક તેરમા તીર્થંકર થશે.
આજે પાંચમા દેવલોકમાં છે.

**૧૪ બળદેવનો જીવ (કૃષ્ણબંધુ)**
શ્રી નિષ્પુલાક સ્વામી નામક ચૌદમાં તીર્થંકર થશે.
આજે છટ્ઠા દેવલોકમાં છે.

**૧૫ સુલસા શ્રાવિકાનો જીવ**
શ્રી નિર્મમત્વસ્વામી નામક પંદરમાં તીર્થંકર થશે.
આજે પાંચમા દેવલોકમાં છે.

**૧૬ રોહિણી શ્રાવિકાનો જીવ-**
શ્રી ચિત્રગુપ્તસ્વામી નામક સોળમા તીર્થંકર થશે.
આજે બીજા દેવલોકમાં છે.

**૧૭ રેવતી શ્રાવિકાનો જીવ-**

શ્રી સમાધિનાથ સ્વામી નામક સત્તરમા તીર્થંકર થશે.
આજે બારમા દેવલોક માં છે.

**૧૮ શતાલી નો જીવ-**

શ્રી સંવરજિન નામક અઢારમાં તીર્થંકર થશો
આજે બારમા દેવલોક માં છે.

**૧૯ દ્વૈપાયન નો જીવ-**

શ્રી યશોધરસ્વામી નામક ઓગણીશમા તીર્થંકર બનશે.

**૨૦ કરણ નો જીવ**

શ્રી વિજયનાથસ્વામી નામક વીશમા તીર્થંકર બનશે.
આજે બારમા દેવલોક માં છે.

**૨૧ નારદજી વિદ્યાધરનો જીવ-**

શ્રી મલ્લનાથજી નામક એકવીશમા તીર્થંકર થશે.
આજે પાંચમા દેવલોક માં છે.

**૨૨ અંબડ શ્રાવકનો જીવ-**

શ્રી દેવનાથસ્વામી નામક બાવીશમાં તીર્થંકર થશે.
આજે બારમા દેવલોક માં છે.

**૨૩ અમર નો જીવ-**

શ્રી અનન્તવીર્ય સ્વામી નામક ત્રેવીશમા તીર્થંકર થશે.
આજે નવમા ગ્રૈવેયક માં છે.

**૨૪ સ્વાતિબુદ્ધ નો જીવ-**

શ્રી ભદ્રંકરસ્વામી નામક ચોવિશમા તીર્થંકર બનશે.
આજે સર્વાર્થસિદ્ધનામના અનુત્તર વિમાનમાં છે.

# ૨૦ પદો નો સંક્ષિપ્ત પરિચય-

**૧ અરિહંત પદ-** 'સવિજીવ કરું શાસનરસી' એવી ઉત્કૃષ્ટ ભાવદયા ચિંતવતા અને વીશસ્થાનક તપની આરાધના કરતા-કરતા તીર્થંકર નામ કર્મ નિકાચિત કરી... ત્રીજા ભવે તીર્થંકર પણે જન્મેલા એવા તીર્થાધિપતિને તીર્થંકર નામ કર્મનો રસોદય જાગ્યો હોય, અને ચારેય ઘનઘાતી કર્મો જડમૂળ માંથી ખપાવીને જે વીતરાગી અરિહંત બન્યા હોય... કેવળજ્ઞાન-દર્શન ની અનુપમ સંપદા પામ્યા હોય... એવા ૧૮ દોષ રહિત જગત્‌ના સ્વામી, દેવાધિદેવ અરિહંત પ્રભુ અરિહંત પરમાત્મા કહેવાય છે. અષ્ટ પ્રાતિહાર્ય અનેક સહજાતિશય એવા ૧૨ ગુણે કરી શોભતા સર્વજ્ઞ પ્રભુ જેને દેવ લોકના દેવતાઓ પણ પૂજતા હોય એવા અરિહંત પરમાત્મા સમસ્ત જીવરાશી માટે ઉપકારક છે. સમવસરણ માં બેસીને જે દેશના આપતા હોય પ્રથમ પરમેષ્ઠી ભગવાન નામ-સ્થાપનાદિ ચારે નિક્ષેપે ઉપાસ્ય છે.

**૨ સિદ્ધપદ-** સમ્યગ્‌ દર્શન-જ્ઞાન-ચારિત્રરુપ રત્નત્રયીની યથાર્થ આરાધના કરી ૪ ઘાતી ૪ અઘાતી એવા આઠેય કર્મો નો સમૂળ સંપૂર્ણ ક્ષય કરી... સદાના માટે જન્મ-જરા-મરણથી મુકત બની સિદ્ધ-બુદ્ધ-મુકત થઈ ગયા છે એવા સિદ્ધભગવંતો આત્મા ના અનન્ત ગુણાત્મક પૂર્ણ સ્વરુપ ને પામી ચૂકયા છે. સર્વથા કર્મ રહિત, શરીર રહિત-અકર્મી-અશરીરી અવસ્થા પામીને જે અજરામર પદે બિરાજી નિરંજન-નિરાકાર બની ગયા છે, અને અરુહંત થઇ ગયા છે અર્થાત્‌ કર્મો ફરીન ઉગવાના કારણે પાછા સંસારમાં આવવાનાજ નથી. ભવબંધન થી મુકત થવા માટે એવા સિદ્ધ ભગવન્તો ને નમસ્કાર કરવા.

**૩ પ્રવચન પદ-** કેવળજ્ઞાન થી અનન્તા જ્ઞેય પદાર્થોને જાણતા, અને કેવળ દર્શનથી જોતા એવા તીર્થંકર પરમાત્મા વીતરાગ ભાવથી પદાર્થોનું યથાર્થ સ્વરુપ વર્ણવતા જે પ્રવચન (દેશના) ફરમાવે છે. ભવિજીવો ઉપર અસીમ કરુણા ભાવે જે તારક દેશના ફરમાવે છે, અને તત્વોનું ચરમ સત્યસ્વરુપ પ્રરુપી જે મોક્ષમાર્ગ

દેખાડે છે એવી ૩૫ ગુણો વડે શોભતી વાણી પ્રરુપતા એવા સર્વજ્ઞના પ્રવચન ની વિશ્વતારકતા શ્રેષ્ઠ કક્ષાની છે.

**૪ આચાર્ય પદ** - ૫ ઈન્દ્રિયોનું દમન, ૯ બ્રહ્મચર્યની વાડનું પાલન કરનાર, ૪ કષાયોના વિજેતા, ૫ મહાવ્રતોના પાલનહાર ૫ આચારના પાલક, ૫ સમિતિના આરાધક, ૩ ગુપ્તિના સાધક એવા ૩૬ ગુણોંના ધારક, નામાદિ નિક્ષેપે ભાવ આચાર્ય હોયતે સદા સેવ્ય-ઉપાસ્ય છે.

**૫ સ્થવિર પદ** - વયથી સ્થવિર, દીર્ઘ સંયમ પર્યાય થી સ્થવિર અને ક્ષમા-મૃદુતા, સરલતા, આદિ યતિધર્મના ગુણોંથી સ્થવિર ગીતાર્થ જ્ઞાની મુનિવર્ય સ્થવિર કહેવાય છે. જે રત્નાધિક અને દીર્ઘ સંયમ પર્યાયી હોય છે તે સ્થવિર મુનિ કહેવાય છે.

**૬ ઉપાદયાય પદ**- ૧૧ અંગ ૧૨ ઉપાંગ અને ચરણ-સિતરી, કરણ સિતરિ એવા ૨૫ગુણોં ના ધારક , અથવા ૧૪પૂર્વો અને ૧૧અંગ શાસ્ત્રોના જ્ઞાતા, એવા ૨૫ ગણોંના ધારક ચોથા પરમેષ્ઠી ઉપાદયાયજી મહારાજ કહેવાય છે. જે વાચક-પાઠક છે. સાધુઓ ને ભણાવનારા ઉપાદયાયજી સકળ સંઘના આધાર સ્વરુપ છે.

**૭ સાધુ પદ**- સંસારના ત્યાગી પંચમહાવ્રતધારી, કેશલોચ કરી વિહાર કરનાર મોક્ષમાર્ગ ઉપર ચાલનારા સ્વ-પર નું હિત સાધનારા એવા ૨૭ ગણોં ના ધારક સાધુ ભગવન્ત કહેવાય છે. આવા અણગાર એ જિન શાસનના શણગાર છે.

**૮ જ્ઞાન પદ**- હેય-જ્ઞેય-ઉપાદેય ના વિવેક થી સમસ્ત લોકાલોક ના જ્ઞેયપદાર્થો ને જાણવાના સ્વભાવવાળો આત્મા નો અભેધ ગુણ જ્ઞાન છે. જ્ઞાનથી સ્વ-પર, હિત-અહિત, જડ ચેતન, કર્તવ્ય-અકર્તવ્ય.. નો બોધ થાય છે. આત્મા જ્ઞાનમય જ છે. માટે આત્માનો આધાર જ્ઞાનગુણ ઉપર છે. દીપક જેવુ સ્વપર વ્યવસાયી જ્ઞાન એ જ પ્રમાણરુપ છે.

**૯ દર્શન પદ**- વસ્તુનું અન્તિમ સત્ય સ્વરુપ બતાવનારા સર્વજ્ઞ પરમાત્મા દ્વારા પ્રરુપિત જીવાદિ નવ તત્ત્વોનું યથાર્થ સ્વરુપ

માનવું એ સમ્યગ્ દર્શન છે. દેવ-ગુરુ-ધર્મનું શુદ્ધ સ્વરુપ માનવું સમ્યગ્ દર્શન છે. જિનવચનમાં નિઃશંક બુદ્ધિ રાખવી એ જ સમ્યગ્ દર્શન છે. જે ભક્તિના બીજ જેવી છે.

**૧૦ વિનય પદ**- આત્માનું મૂળભૂત ગુણ વિનય છે. કષાયો સ્વભાવ નહીં વિભાવ છે. વિનય-નમ્રતાનો સ્વભાવ છે. અને અહંકારાદિ કષાયો ને કાઢવામાં સક્ષમ છે. મોક્ષની પ્રાપ્તિના બીજ પણ વિનય ગુણમાં પડ્યા છે.

**૧૧ ચારિત્ર પદ**- આત્માનો ગુણ ચારિત્ર છે. સંવર ધર્મ રૂપ આ ચારિત્ર આત્મા માં આવતા કર્માશ્રવનો નિરોધ કરે છે. નિર્જરા કરાવે છે. મોક્ષ પ્રાપ્તિનો આધાર છે. સર્વ વિરતિ અને દેશવિરતિ ધર્મ સ્વરુપ આ ચારિત્ર ગુણ શુદ્ધ આચરણ રુપ ક્રિયા કરાવે છે.

**૧૨ બ્રહ્મચર્ય પદ**- બ્રહ્મ એટલે આત્મા, અને આત્મામાં અર્થાત્ એના જ ગુણોંમાં ચરવુ એનું નામ બ્રહ્મચર્ય છે. સ્વ-અને પરના શરીર થી ભોગ જન્ય સુખ માણવાની વૃત્તિ ટળી જાય અને આત્મભાવમાં લીન રહેવાય એવા બ્રહ્મચર્ય પદની આરાધના પણ કલ્યાણકારી છે.

**૧૩ ક્રિયાપદ**- શુદ્ધ ક્રિયા- આચરણ વગર એકલુ જ્ઞાન પાંગળુ લાગે છે, ''જ્ઞાન ક્રિયાભ્યાંમોક્ષઃ'' ના જૈન સિદ્ધાન્તાનુસાર જ્ઞાન ને અનુરુપ આચરણ-ક્રિયા બન્ને સાથે મળીનેજ મોક્ષ અપાવે છે. પંચાચાર ની વિશુદ્ધ ક્રિયા પણ સ્વ-પર માટે બોધિબીજ નું નિમિત્ત બની નિર્જરા કરાવે છે.

**૧૪ તપપદ**- તપ આત્માનો ગુણ છે. આત્મશક્તિ સ્વરુપ છે. દેહ માટે ભોજન છે તો આત્મા માટે તપ છે. ૬ બાહ્ય અને ૬ આભ્યંતર એવા ૧૨ ભેદવાળો તપ અનોખી નિર્જરા કરાવી આત્માને શુદ્ધ કરી અન્તે મુક્તિ અપાવે છે.

**૧૫ દાન (ગૌતમ)પદ**- ૧૫મા ક્રમે શાશ્વતપદ તરીકે દાનપદની વ્યવસ્થા છે. દાન ગુણ છે. અભયદાનાદિ શ્રેષ્ઠ શ્રી વીરપ્રભુના પ્રથમગણધર ગૌતમસ્વામી જે અનન્ત લબ્ધિઓના

ભંડાર હતા. ખીરમાં અંગૂઠોરાખી પારણુ કરાવ્યુ અને ઉપદેશ દ્વારા ૧૫૦૦ તાપસોને કેવળજ્ઞાન ની પ્રાપ્તિ કરાવી, એ પદની ઉપાસના આપણે પણ કરવી જોઈએ.

**૧૬ જિનપદ**- ઈન્દ્રિયોને જિતનારા જિન કહેવાય. વિષય વાસના, મન આદિને જીતનારા, વશમાં રાખનારા જિન છે. કષાય રાગ-દ્વેષાદિને જિતનારા પણ જિન કહેવાય છે. અરિહંત સિવાય ના પણ કેવળીઓ આદિ જિન છે. વીતરાગી છે.

**૧૭ સંયમ પદ**- હિંસાદિ પાપોનો ત્યાગ કરનાર સંયમ માં છે. આહારાદિની અનાદિકાલીન સંજ્ઞાઓનો ત્યાગ એ સંયમ છે. આ પદઉપાસ્ય છે. સંયમી જીવન નિષ્પાપ બનશે.

**૧૮ અભિનવ જ્ઞાનપદ**- બુદ્ધિના ૮ ગુણોં પ્રાપ્ત કરી નિત્ય-નવું નવું જ્ઞાનપ્રાપ્ત કરવું એ અભિનવ જ્ઞાન છે. નિત્ય ગાથા- શ્લોકો પાઠ કરવા, નવું ચિંતન-મનન કરવું, નવું જ્ઞાન મેળવવુ ભણવું, લખવું આદિ.. અભિનવ જ્ઞાનપદ આરાધ્ય છે.

**૧૯ શ્રુતપદ**- ૫ જ્ઞાનોં માં શ્રુત જ્ઞાન બીજુ છે. કેવળી પણપોતાના અનન્ત જ્ઞાનને શ્રુતના માધ્યમ થીજ પ્રગટ કરે છે. તે જ લખાય ત્યારે શ્રુત શાસ્ત્ર જ્ઞાન બને છે. સર્વજ્ઞોનું સાંભળેલુ, શાસ્ત્રાદિથી ભણેલુ જ્ઞાન શ્રુતજ્ઞાન છે. ૧૪-૨૦ આદિ ભેદોથી પ્રસિદ્ધ છે. પત્રકાર ના જ્ઞાનાચાર થી આરાધી શકાય છે.

**૨૦ તીર્થપદ**- સંસારસાગરથી તારે તે તીર્થ. જંગમતીર્થમાં સાધુ- સાધ્વી- શ્રાવક- શ્રાવિકારુપ ચતુર્વિધ સંઘ છે. આ તીર્થના સંસ્થાપક તીર્થંકર છે. તીર્થને કરે તે તીર્થંકર છે. ગણધરાદિ પણ તીર્થ સ્વરુપ છે. સ્થાવર તીર્થ સ્વરુપ પંચકલ્યાણક ભૂમિઓ છે- આ તીર્થો પણ તારક હોય છે.

આવી રીતે ૨૦ પદો ની વ્યવસ્થા છે. જેમ નવ પદ છે તે જ પ્રમાણે આ ૨૦ પદો છે. શાશ્વત વ્યવસ્થા છે. આરાધ્ય પદો છે. ઉપાસ્ય છે. આમાં સમગ્ર જૈન શાસનની આરાધના સમાઈ જાય છે.

# શ્રી વીશસ્થાનક તપ આરાધના-સામાન્ય વિધિ-

પ્રથમ ગુરુભગવન્ત પાસે શુભ મુહૂર્તે નાણ (નંદિ) ની સ્થાપના કરાવી શ્રી વીશસ્થાનક તપ ઉચ્ચરે : વિધિપૂર્વક ઉચ્ચરીને આ તપ શરુ કરે. વીશસ્થાનક ની ૨૦ ઓળીઓ છે. એક એક પદની ૨૦ દિવસ સૂધી તપ-જપ પૂર્વક આરાધના કરે- એવી રીતે. કરતા ૨૦x૨૦=૪૦૦ દિવસ ૨૦ ઓળીના થાય છે. તપનો નિર્ણય આરાધક પોતાના ઉત્કૃષ્ટ ભાવ ના આધારે કરે. અઠ્ઠમ થી છઠ્ઠથી, અથવા ૧ ઉપવાસથી પણ થાય છે, અને એથી પણ નીચે આયંબિલ-એકાસણા થી પણ થઈ શકે છે. ૨ થી ૬ મહીના માં અર્થાત્ ૧૮૦ દિવસોમાં ફકત ૨૦ જ ઉપવાસાદિ યથાશક્તિ તપ અનુકૂળતા મુજબ કરે. એવી ૧ ઓળી થાય. એવી રીતે ૧ વર્ષમાં ૨ અને ૧૦ વર્ષમાં ૨૦ ઓળીનો આ તપ પૂરો થાય. કોઈ ઓળી ૬ માસના અન્તે પણ પૂરીન થાય તો તે ઓળી જાય, લેખેન લાગે. બીજા ૬ મહીનામાં ફરી નવેસરથી કરે. કેટલાક ભાગ્યશાલીઓ સળંગ વીશેદિવસ પણ કરતા હોય છે. સારી વાત છે. પૌષધપૂર્વક કરવામાં આવે તો વધુ ઉત્તમ છેવટે - આચાર્ય, ઉપાધ્યાય, સ્થવિર, સાધુ, ચારિત્ર, ગૌતમ અને તીર્થ પદોની આ ૭ ઓળીમાં પૌષધ કરવા જોઈએ. છેવટે દેશાવકાસિક પણ કરે. છેવટે ૧૭ મી ઓળી માં પૌષધ કરી. સવાર-સાંજ ઉભયટંક પ્રતિક્રમણ કરવુ, ૩ ટાઈમ-ત્રિકાળ દેવવંદન, પડિલેહણ કરવી, બ્રહ્મચર્ય પાળવુ, તપના દિવસે કાઉસ્સગ્ગ, ખમાસમણા, સાથીયા કરી તે તે પદની ૨૦-૨૦ માળાનો જાપ કરવો. પ્રભુ પૂજા ભક્તિ નિયમિત કરવી. સુપાત્રે દાન દેવુ, ૨૦ પદોનું ધ્યાન ધરવું, અને ''સવિ જીવ કરું શાસન રસી''ની ભાવના ભાવવી જોઈએ.

આ તપની પૂર્ણાહૂતિ પ્રસંગે ઉજમણું કરે, અને વીશસ્થાનક પૂજા- પૂજન ભણાવે જિન શાસનની પ્રભાવના માં વૃદ્ધિ કરે, પદોની આરાધના આદિ કરે તે ઉપરાંત જીવન ના આચરણમાં પણ એ પદો નું સ્વરુપ સમજીને ઉતારે, આથી તીર્થંકર નામકર્મ બંધાય છે, અને તેના ઉદ્રયે અરિહંત તીર્થંકર બની શકાય છે.

# અનુક્રમણિકા


| વિષય | પૃષ્ઠ |
|---|---|
| શ્રી વીશ સ્થાનક તપ આરાધન વિધિ | ૧ |
| શ્રી વીશ સ્થાનક તપ ઉજમણાની વિગત | ૪૦ |
| શ્રી ઉજમણામાં મૂકવાની વસ્તુઓ | ૪૦ |
| શ્રી જ્ઞાનના ઉપકરણો | ૪૧ |
| શ્રી ચારિત્રના ઉપકરણો | ૪૧ |
| શ્રી વીશ સ્થાનકના ચૈત્યવંદનો | ૪૧ |
| શ્રી વીશ સ્થાનકના સ્તવનો | ૪૨ |
| શ્રી વીશ સ્થાનક તપની મહિમાસૂચક ઢાળ | ૪૫ |
| શ્રી વીશ સ્થાનક તપની સ્તુતિઓ | ૪૭ |
| શ્રી વીશ સ્થાનક તપની સજ્ઝાયો | ૪૮ |
| શ્રી વીશ સ્થાનક તપની વિધિ | ૪૯ |
| શ્રી વીશ પદનું ગુણણું | ૫૦ |
| શ્રી દેવવંદન વિધિ | ૫૧ |
| પચ્ચક્ખાણ પારવાનો વિધિ | ૬૮ |
| પચ્ચક્ખાણો | ૭૩ |
| શ્રી વીશ સ્થાનક તપના દુહા | ૭૬ |

# શ્રી વીશ સ્થાનક તપ આરાધન વિધિ

સાધુ-સાદવી જો એ તપ કરે તો જે પદના જેટલા ગુણ હોય તેટલા લોગસ્સનો કાઉસ્સગ્ગ, તેટલા ખમાસમણ અને એ પદની વશ નવકારવાલી ગણે. ઉપરાંત અવકાશ મળતો હોય તો ત્રણ કાલના દેવવંદન, પાંચ શકસ્તવ, ત્રણ ચૈત્યવંદન અને આઠ સ્તુતિઓ વડે કરે.

આ તપના કરનારા શ્રાવક-શ્રાવિકા સવાર સાંજ પ્રતિક્રમણ કરે, બે વખત પડિલેહણ કરે, ત્રિકાલ પૂજા કરે, પ્રહ્મચર્ય પાળે, અસત્ય, ચોરીનો ત્યાગ અને રાગ-દ્વેષની મંદતા કરે, બને તેટલો આરંભનો ત્યાગ કરે, ન બને તો ઉદાસીન ભાવથી લૂખા પરિણામથી પોતાનો નિભાવ કરી લે. બાકીની વિધિ કાઉસ્સગ્ગ, ખમાસમણ, દેવવંદન, વીશ નવકારવાલી વિગેરે ઉપર કહ્યાં પ્રમાણે કરે. શક્તિ હોય તો તે તપ સંબંધી ઉપવાસને દિદવસે દેરાસરમાં પદના ગુણ પ્રમાણે સાથીઆ કરી તેની ઉપર તેટલાં ફળ, નૈવેદ્ય અને દ્રવ્યાદિક ચડાવે.

એવી રીતે એક એક પદના આરાધન માટે વર્તમાન કાલાનુસારે યથાશક્તિ વીશ વીશ અટ્ઠમ, યા છટ્ઠ, યા ઉપવાસ, યા આયંબિલ, નિવિ કે એકાસણા કરે. એકાસણાથી ઓછો તપ કરાય નહિ.

પ્રથમ શુભ દિવસ, બાર નક્ષત્ર, ચંદ્રબલ જોઈને ગુરુ પાસે વિધિ સહિત આ તપ ઉચ્ચરે અને શરૂ કરે. જઘન્યથી બે મહિનામાં એક ઓળી કરે, ઉત્કૃષ્ટથી છ મહિનામાં એક ઓળી પૂર્ણ કરે છટ્ઠ અટ્ઠમથી કરનાર એક વર્ષમાં એક ઓળી પૂર્ણ કરે. તપ પૂરો થાય ત્યારે ગુરુમુખે ધારી લઈને ઉજમણું કરે.

# • પ્રથમ અરિહંતપદ આરાધન વિધિ •

**પરમ પંચ પરમેષ્ઠીમાં, પરમેશ્વર ભગવાન;**

**ચાર નિક્ષેપે ધ્યાઈયે, નમો નમો શ્રીજિનભાણ.૧**

'ૐ નમો અરિહંતાણં' નવકારવાલી એ પદની વીશ ગણવી.

અરિહંતપદના બાર ગુણ હોવાથી ૧૨ ખમાસમણ નીચે પ્રમાણે ગુણ કહીને આપવાં.

**ગુણના નામ**

૧. **શ્રી અશોકવૃક્ષ પ્રાતિહાર્યશોભિતાય શ્રીમદર્હતે નમઃ**

૨. **શ્રી પંચવર્ણજાનુદઘ્નપુષ્પપ્રકરપ્રાતિહાર્ય શોભિતાય શ્રી મદર્હતે નમઃ**

૩. **શ્રીઅતિમધુરશ્રવ્યમાધુર્યતોઽપિમધુરતમદિવ્યધ્વનિ પ્રાતિહાર્ય શોભિતાય શ્રીમદર્હતે નમઃ**

૪. **શ્રીહેમરત્નજડિતદણ્ડસ્થિતાત્યુજ્જવલચામરયુગલવીજિતવ્યજનક્રિયાયુક્ત પ્રાતિહાર્ય શોભિતાય શ્રીમદર્હતે નમઃ**

૫. **શ્રીસુવર્ણરત્નજડિતસદાસહચારિસિંહાસનપ્રાતિહાર્ય શોભિતાય શ્રીમદર્હતે નમઃ**

૬. **શ્રી તરુણતરણિતેજસોઽપ્યતિભાસ્કર તેજોયુક્ત ભામંડલ પ્રાતિહાર્ય શોભિતાય શ્રીમદર્હતે નમઃ**

૭. **શ્રીઆકાશસ્થિતદુન્દુભિપ્રભૃત્યનેકવાજિંત્રવાદનરૂપ સત્પ્રાતિહાર્ય શોભિતાય શ્રીમદર્હતે નમઃ**

૮. **શ્રી મુક્તાજાલઝુમ્બનકયુક્તછત્રત્રય સત્પ્રાતિહાર્ય શોભિતાય શ્રીમદર્હતે નમઃ**

૯. **શ્રી સ્વપરાપાયનિવારકાતિશયધરાય શ્રીમદર્હતે નમઃ**

૧૦. **શ્રી પંચત્રિંશદ્વાણીગુણયુક્તાય સુરાસુર દેવેન્દ્ર-નરેન્દ્રાણાં પૂજ્યાય શ્રીમદર્હતે નમઃ**

૧૧. **શ્રી સર્વભાષાનુગામિસકલસંશયોચ્છેદકવચનાતિશયાય શ્રીમદર્હતે નમઃ**

**૧૨. શ્રી લોકાલોકપ્રકાશકકેવલજ્ઞાનરૂપજ્ઞાનાતિશયેશ્વરાય શ્રીમદર્હતે નમઃ**

આ પ્રમાણે ખમાસમણ દઈને પછી ભગવાનની સામે અથવા ઉપાશ્રયમાં સ્થાપનાજી સામે ઈરિયાવહિ પડિક્કમી, એક લોગસ્સનો કાઉસ્સગ્ગ કરી પ્રગટ લોગસ્સ કહી ખમાસમણ દઈ "ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્! અરિહંતપદ આરાધનાર્થં કાઉસ્સગ્ગ કરું ?" એમ કહી આદેશ માંગે. (ગુરુ બેઠા હોય તો 'કરેહ' કહે) એટલે પોતે 'ઈચ્છં' કહી વંદણવત્તિયાએ૦ અન્નત્થ૦ કહી ૨૪ અથવા ૧૨ લોગસ્સનો કાઉસ્સગ્ગ મૌનપણે કરે. કાઉસ્સગ્ગમાં લોગસ્સ 'ચંદેસુ નિમ્મલયરા' સુધી ચિંતવે પછી 'નમો અરિહંતાણં' કહી, કાઉસ્સગ્ગ પારી પ્રગટ લોગસ્સ કહે. પછી એક ખમાસમણ દઈ 'વિધિ કરતાં અવિધિ થઈ હોય તો મિચ્છા મિ દુક્કડં' એમ કહે. ગુરુનો યોગ ન હોય તો સ્થાપનાજી સામે આદેશ માંગી 'ઈચ્છં' કહીને આ પ્રમાણે વિધિ કરે.

આ પદનું ધ્યાન ઉજ્જવલ વર્ણે કરવું.

આ પદની આરાધના કરવાથી દેવપાલ તીર્થંકર થયા છે.

# અથ દ્વિતીય સિદ્ધપદ આરાધન વિધિ

**ગુણ અનંત નિર્મલ થયા, સહજ સ્વરૂપ ઉજાસ;**
**અષ્ટ કર્મમલ ક્ષય કરી, ભયે સિદ્ધ નમો તાસ.**

સિદ્ધપદના ૩૧ ગુણ હોવાથી ખમાસમણ ૩૧ નીચે પ્રમાણે કહીને આપે અને ૨૦ નવકારવાલી 'નમો સિદ્ધાણં' પદની ગણે.

**૧. મતિજ્ઞાનાવરણીયકર્મરહિતાય શ્રી સિદ્ધાય નમઃ**

**૨. શ્રુતજ્ઞાનાવરણીયકર્મરહિતાય શ્રી સિદ્ધાય નમઃ**

**૩. અવધિજ્ઞાનાવરણીયકર્મરહિતાય શ્રી સિદ્ધાય નમઃ**

**૪. મનઃપર્યવજ્ઞાનાવરણીયકર્મરહિતાય શ્રી સિદ્ધાય નમઃ**

૫. કેવલજ્ઞાનાવરણીયકર્મરહિતાય શ્રી સિદ્ધાય નમઃ
૬. નિદ્રાદર્શનાવરણીયકર્મરહિતાય શ્રી સિદ્ધાય નમઃ
૭. નિદ્રાનિદ્રાદર્શનાવરણીયકર્મરહિતાય શ્રી સિદ્ધાય નમઃ
૮. પ્રચલાદર્શનાવરણીયકર્મરહિતાય શ્રી સિદ્ધાય નમઃ
૯. પ્રચલાપ્રચલાદર્શનાવરણીયકર્મરહિતાય શ્રી સિદ્ધાય નમઃ
૧૦. થીણર્દ્ધિદર્શનાવરણીયકર્મરહિતાય શ્રી સિદ્ધાય નમઃ
૧૧. ચક્ષુદર્શનાવરણીયકર્મરહિતાય શ્રી સિદ્ધાય નમઃ
૧૨. અચક્ષુદર્શનાવરણીયકર્મરહિતાય શ્રી સિદ્ધાય નમઃ
૧૩. અવધિદર્શનાવરણીયકર્મરહિતાય શ્રી સિદ્ધાય નમઃ
૧૪. કેવલદર્શનાવરણીયકર્મરહિતાય શ્રી સિદ્ધાય નમઃ
૧૫. સાતાવેદનીયકર્મરહિતાય શ્રી સિદ્ધાય નમઃ
૧૬. અસાતાવેદનીયકર્મરહિતાય શ્રી સિદ્ધાય નમઃ
૧૭. દર્શનમોહનીયકર્મરહિતાય શ્રી સિદ્ધાય નમઃ
૧૮. ચારિત્રમોહનીયકર્મરહિતાય શ્રી સિદ્ધાય નમઃ
૧૯. નરકાયુઃ કર્મરહિતાય શ્રી સિદ્ધાય નમઃ
૨૦. તિર્યગાયુઃ કર્મરહિતાય શ્રી સિદ્ધાય નમઃ
૨૧. મનુષ્યાયુઃ કર્મરહિતાય શ્રી સિદ્ધાય નમઃ
૨૨. દેવાયુઃ કર્મરહિતાય શ્રી સિદ્ધાય નમઃ
૨૩. શુભનામકર્મરહિતાય શ્રી સિદ્ધાય નમઃ
૨૪. અશુભનામકર્મરહિતાય શ્રી સિદ્ધાય નમઃ
૨૫. ઉચ્ચૈર્ગોત્રકર્મરહિતાય શ્રી સિદ્ધાય નમઃ
૨૬. નીચૈર્ગોત્રકર્મરહિતાય શ્રી સિદ્ધાય નમઃ
૨૭. દાનાન્તરાયકર્મરહિતાય શ્રી સિદ્ધાય નમઃ
૨૮. લાભાન્તરાયકર્મરહિતાય શ્રી સિદ્ધાય નમઃ
૨૯. ભોગાન્તરાયકર્મરહિતાય શ્રી સિદ્ધાય નમઃ
૩૦. ઉપભોગાન્તરાયકર્મરહિતાય શ્રી સિદ્ધાય નમઃ
૩૧. વીર્યાન્તરાયકર્મરહિતાય શ્રી સિદ્ધાય નમઃ

આ પ્રમાણે ખમાસમણ દઈને પછી સિદ્ધના ૧૫ ભેદ હોવાથી ૧૫ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરે. આ પદનું ધ્યાન રકતવર્ણે કરે. આ પદની આરાધના કરવાથી હસ્તિપાલ રાજા તીર્થંકર થયા છે.

# અથ તૃતીય પ્રવચનપદ આરાધન વિધિ

**ભાવામય ઔષધસમી, પ્રવચન અમૃત વૃષ્ટિ;**

**ત્રિભુવન જનને સુખકારી, જય જય પ્રવચન દૃષ્ટિ.**

આ પદની ૨૦ નવકારવાલી 'ૐ નમો પવયણસ્સ' એમ કહીને ગણે. આ પદના ગુણ ૧૨ અથવા ૨૭ હોવાથી ૧૨ અથવા ૨૭ લોગ્ગસ્સનો કાઉસ્સગ્ગ કરે. ખમાસમણ ૨૭ નીચે પ્રમાણે કહીને આપે.

**૧. સર્વતઃપ્રાણાતિપતવિરતાય શ્રી પ્રવચનાય નમઃ**
**૨. સર્વતો મૃષાવાદવિરતાય શ્રી પ્રવચનાય નમઃ**
**૩. સર્વતો અદત્તાદાનવિરતાય શ્રી પ્રવચનાય નમઃ**
**૪. સર્વતો મૈથુનવિરતાય શ્રી પ્રવચનાય નમઃ**
**૫. સર્વતઃ પરિગ્રહવિરતાય શ્રી પ્રવચનાય નમઃ**
**૬. દેશતઃ પ્રાણાતિપાતવિરતાય શ્રી પ્રવચનાય નમઃ**
**૭. દેશતો મૃષાવાદવિરતાય શ્રી પ્રવચનાય નમઃ**
**૮. દેશતો અદત્તાદાનવિરતાય શ્રી પ્રવચનાય નમઃ**
**૯. દેશતો મૈથુનવિરતાય શ્રી પ્રવચનાય નમઃ**
**૧૦. દેશતઃ પરિગ્રહવિરતાય શ્રી પ્રવચનાય નમઃ**
**૧૧. દિશિપરિમાણવ્રત યુકતાય શ્રી પ્રવચનાય નમઃ**
**૧૨. ભોગોપભોગ પરિમાણવ્રતયુકતાય શ્રી પ્રવચનાય નમઃ**
**૧૩. અનર્થદણ્ડવિરતાય શ્રી પ્રવચનાય નમઃ**
**૧૪. સામાયિકવ્રત યુકતાય શ્રી પ્રવચનાય નમઃ**
**૧૫. દેશાવગાશિકવ્રત યુકતાય શ્રી પ્રવચનાય નમઃ**
**૧૬. પોસહોપવાસવ્રતયુકતાય શ્રી પ્રવચનાય નમઃ**

**૧૭. અતિથિસંવિભાગવ્રતયુક્તાય શ્રી પ્રવચનાય નમઃ**
**૧૮. વિધિસૂત્રાગમાય શ્રી પ્રવચનાય નમઃ**
**૧૯. વર્ણિકસૂત્રાગમાય શ્રી પ્રવચનાય નમઃ**
**૨૦. ભયસૂત્રાગમાય શ્રી પ્રવચનાય નમઃ**
**૨૧. ઉત્સર્ગસૂત્રાગમાય શ્રી પ્રવચનાય નમઃ**
**૨૨. અપવાદસૂત્રાગમાય શ્રી પ્રવચનાય નમઃ**
**૨૩. ઉભયસૂત્રાગમાય શ્રી પ્રવચનાય નમઃ**
**૨૪. ઉદ્યમસૂત્રાગમાય શ્રી પ્રવચનાય નમઃ**
**૨૫. સર્વનયસમૂહાત્મકાય શ્રી પ્રવચનાય નમઃ**
**૨૬. સપ્તગંભીરરચનાત્મકાય શ્રી પ્રવચનાય નમઃ**
**૨૭. દ્વાદશાંગગણિપિટકાય શ્રી પ્રવચનાય નમઃ**

આ પદનું ધ્યાન ઉજ્જવલ વર્ણે કરવું. આ પદનું ધ્યાન કરવાથી જિનદત્તશેઠ તીર્થંકર પદવીને પામ્યા છે.

## અથ ચતુર્થ આચાર્યપદ આરાધન વિધિ

**છત્રીશ છત્રીશ ગુણે, યુગપ્રધાન મુણિંદ;**
**જિનમત પરમત જાણતા, નમો નમો તે સૂરિંદ.**

આ પદના ૩૬ ગુણ હોવાથી કાઉસ્સગ્ગ ૩૬ લોગસ્સનો કરવો. ૨૦ નવકારવાલી 'ૐ નમો આયરિયાણં' એ પદની ગણવી. ખમાસમણ ૩૬ નીચે પ્રમાણે કહીને આપવા.

**૧. પ્રતિરૂપગુણધરાય શ્રી આચાર્યાય નમઃ**
**૨. તેજસ્વિગુણધરાય શ્રી આચાર્યાય નમઃ**
**૩. યુગપ્રધાનાગમાય શ્રી આચાર્યાય નમઃ**
**૪. મધુરવાક્યગુણધરાય શ્રી આચાર્યાય નમઃ**
**૫. ગમ્ભીરગુણધરાય શ્રી આચાર્યાય નમઃ**
**૬. સુબુદ્ધિગુણધરાય શ્રી આચાર્યાય નમઃ**

૭. ઉપદેશતત્પરાય શ્રી આચાર્યાય નમઃ
૮. અપરિશ્રાવિગુણધરાય શ્રી આચાર્યાય નમઃ
૯. ચન્દ્રવત્સૌમ્યગુણધરાય શ્રી આચાર્યાય નમઃ
૧૦. વિવિધાભિગ્રહમતિધરાય શ્રી આચાર્યાય નમઃ
૧૧. અવિકથકગુણધરાય શ્રી આચાર્યાય નમઃ
૧૨. અચપલગુણધરાય શ્રી આચાર્યાય નમઃ
૧૩. સંયમશીલગુણધરાય શ્રી આચાર્યાય નમઃ
૧૪. શ્રી પ્રશાન્તહૃદયાય શ્રી મહાચાર્યાય નમઃ
૧૫. શ્રી ક્ષમાગુણધરાય શ્રી મહાચાર્યાય નમઃ
૧૬. શ્રી માર્દવગુણધરાય શ્રી મહાચાર્યાય નમઃ
૧૭. શ્રી આર્જવગુણધરાય શ્રી મહાચાર્યાય નમઃ
૧૮. શ્રી નિર્લોભિતાગુણધરાય શ્રી મહાચાર્યાય નમઃ
૧૯. શ્રી તપોગુણયુક્તાય શ્રી મહાચાર્યાય નમઃ
૨૦. શ્રી સંયમગુણયુક્તાય શ્રી મહાચાર્યાય નમઃ
૨૧. શ્રી સત્યધર્મયુક્તાય શ્રી મહાચાર્યાય નમઃ
૨૨. શ્રી શૌચગુણયુક્તાય શ્રી મહાચાર્યાય નમઃ
૨૩. શ્રી અકિંચન્યગુણયુક્તાય શ્રી મહાચાર્યાય નમઃ
૨૪. શ્રી બ્રહ્મચર્યગુણયુક્તાય શ્રી મહાચાર્યાય નમઃ
૨૫. શ્રી અનિત્યભાવનાભાવિતાય શ્રી મહાચાર્યાય નમઃ
૨૬. શ્રી અશરણભાવનાભાવિતાય શ્રી મહાચાર્યાય નમઃ
૨૭. શ્રી સંસારભાવનાભાવિતાય શ્રી મહાચાર્યાય નમઃ
૨૮. શ્રી એકત્વભાવનાભાવિતાય શ્રી મહાચાર્યાય નમઃ
૨૯. શ્રી અન્યત્વભાવનાભાવિતાય શ્રી મહાચાર્યાય નમઃ
૩૦. શ્રી અશુચિભાવનાભાવિતાય શ્રી મહાચાર્યાય નમઃ
૩૧. શ્રી આશ્રવભાવનાભાવિતાય શ્રી મહાચાર્યાય નમઃ
૩૨. શ્રી સંવરભાવનાભાવિતાય શ્રી મહાચાર્યાય નમઃ
૩૩. શ્રી નિર્જરાભાવનાભાવિતાય શ્રી મહાચાર્યાય નમઃ

**૩૪. શ્રી લોકસ્વભાવભાવનાભાવિતાય શ્રી મહાચાર્યાય નમઃ**
**૩૫. શ્રી બોધિદુર્લભભાવનાભાવિતાય શ્રી મહાચાર્યાય નમઃ**
**૩૬. શ્રીધર્મસાધકઅરિહંતદુર્લભભાવનાભાવિતાય શ્રી મહાચાર્યાય નમઃ**

આચાર્યપદનું દયાન પીતવર્ણે કરવું. એ પદનું દયાન કરવાથી પુરુષોત્તમ રાજા તીર્થંકર થયા છે.

## અથ પંચમ સ્થવિરપદ આરાધન વિધિ

**તજી પર પરિણતિ રમણતા, લહે નિજ ભાવ સ્વરૂપ;**
**સ્થિર કરતા ભવિલોકને, જય જય સ્થવિર અનૂપ.**

આ પદની ૨૦ નવકારવાલી 'ૐ નમો થેરાણં' આ પદ બોલીને ગણવી. આ પદના આરાધન માટે ૧૦ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો. આ પદના ૧૦ ખમાસમણ નીચે પ્રમાણે બોલીને આપવા.

**૧. લૌકિકસ્થવિરદેશકાય શ્રી લોકોત્તરસ્થવિરાય નમઃ**
**૨. દેશસ્થવિરદેશકાય શ્રી લોકોત્તરસ્થવિરાય નમઃ**
**૩. ગ્રામસ્થવિરદેશકાય શ્રી લોકોત્તરસ્થવિરાય નમઃ**
**૪. કુલસ્થવિરદેશકાય શ્રી લોકોત્તરસ્થવિરાય નમઃ**
**૫. લૌકિકકુલસ્થવિરદેશકાય શ્રી લોકોત્તરસ્થવિરાય નમઃ**
**૬. લૌકિકગુરુસ્થવિરદેશકાય શ્રી લોકોત્તરસ્થવિરાય નમઃ**
**૭. શ્રી લોકોત્તર શ્રી સંઘસ્થવિરાય નમઃ**
**૮. શ્રી લોકોત્તર પર્યાયસ્થવિરાય નમઃ**
**૯. શ્રી લોકોત્તરશ્રુતસ્થવિરાય નમઃ**
**૧૦. શ્રી શ્રી લોકોત્તરસ્થવિરાય નમઃ**

આ પદનું દયાન ગૌરવર્ણે કરવું. આ પદનું આરાધન કરવાથી પદ્મોત્તરરાજા તીર્થંકર થયા છે.

# અથ ષષ્ટ ઉપાદયાચપદ આરાધન વિધિ

**બોધ સૂક્ષ્મ વિણ જીવને, ન હોય તત્ત્વપ્રતીત;**
**ભણે ભણાવે સૂત્રને, જય જય પાઠકગીત**

આ પદની ૨૦ નવકારવાલી 'ૐ નમો ઉવજ્ઝાયાણં' એ પદ વડે ગણવી. આ પદના ગુણ ૨૫ હોવાથી ૨૫ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો. ખમાસમણ ૨૫ નીચે પ્રમાણે બોલીને આપવા.

૧. શ્રી આચારાંગશ્રુતપાઠક શ્રી ઉપાધ્યાયેભ્યો નમઃ
૨. શ્રી સુયગડાંગશ્રુતપાઠક શ્રી ઉપાધ્યાયેભ્યો નમઃ
૩. શ્રી ઠાણાંગશ્રુતપાઠક શ્રી ઉપાધ્યાયેભ્યો નમઃ
૪. શ્રી સમવાયાંગશ્રુતપાઠક શ્રી ઉપાધ્યાયેભ્યો નમઃ
૫. શ્રી વિવાહપન્નતિ અંગશ્રુતપાઠક શ્રી ઉપાધ્યાયેભ્યો નમઃ
૬. શ્રી જ્ઞાતાધર્મકથાંગશ્રુતપાઠક શ્રી ઉપાધ્યાયેભ્યો નમઃ
૭. શ્રી ઉપાસકદશાંગશ્રુતપાઠક શ્રી ઉપાધ્યાયેભ્યો નમઃ
૮. શ્રી અંતગડદશાંગ શ્રુતપાઠક શ્રી ઉપાધ્યાયેભ્યો નમઃ
૯. શ્રી અનુત્તરોવવાઈઅંગશ્રુતપાઠક શ્રી ઉપાધ્યાયેભ્યો નમઃ
૧૦. શ્રી પ્રશ્નવ્યાકરણાંગશ્રુતપાઠક શ્રી ઉપાધ્યાયેભ્યો નમઃ
૧૧. શ્રી વિપાકાંગશ્રુતપાઠક શ્રી ઉપાધ્યાયેભ્યો નમઃ
૧૨. શ્રી ઉવવાઈઉપાંગશ્રુતપાઠક શ્રી ઉપાધ્યાયેભ્યો નમઃ
૧૩. શ્રી રાયપસેણિઉપાંગશ્રુતપાઠક શ્રી ઉપાધ્યાયેભ્યો નમઃ
૧૪. શ્રી જીવાભિગમઉપાંગશ્રુતપાઠક શ્રી ઉપાધ્યાયેભ્યો નમઃ
૧૫. શ્રી પન્નવણાઉપાંગશ્રુતપાઠક શ્રી ઉપાધ્યાયેભ્યો નમઃ
૧૬. શ્રી જંબૂદ્વીપપન્નત્તિઉપાંગશ્રુતપાઠક શ્રી ઉપાધ્યાયેભ્યો નમઃ
૧૭. શ્રી ચન્દ્રપન્નત્તિઉપાંગશ્રુતપાઠક શ્રી ઉપાધ્યાયેભ્યો નમઃ
૧૮. શ્રી સૂરપન્નત્તિઉપાંગશ્રુતપાઠક શ્રી ઉપાધ્યાયેભ્યો નમઃ
૧૯. શ્રી નિરયાવલીઉપાંગશ્રુતપાઠક શ્રી ઉપાધ્યાયેભ્યો નમઃ
૨૦. શ્રી કપ્પિઆઉપાંગશ્રુતપાઠક શ્રી ઉપાધ્યાયેભ્યો નમઃ

૨૧. શ્રી પુપ્ફિઆઉપાંગશ્રુતપાઠક શ્રી ઉપાધ્યાયેભ્યો નમઃ
૨૨. શ્રી પુપ્ફચૂલિઆઉપાંગશ્રુતપાઠક શ્રી ઉપાધ્યાયેભ્યો નમઃ
૨૩. શ્રી વન્હિદશાઉપાંગશ્રુતપાઠક શ્રી ઉપાધ્યાયેભ્યો નમઃ
૨૪. શ્રી દ્વાદશાંગીશ્રુતપાઠક શ્રી ઉપાધ્યાયેભ્યો નમઃ
૨૫. શ્રી દ્વાદશાંગીશ્રુતાર્થઅધ્યાપક શ્રી ઉપાધ્યાયેભ્યો નમઃ

આ પદનું ધ્યાન નીલવર્ણ વડે કરવું. આ પદના આરાધનથી શ્રી મહેન્દ્રપાલ તીર્થંકર થયા છે.

# અથ સપ્તમ સાધુપદ આરાધન વિધિ

**સ્યાદ્વાદ ગુણ પરિણમ્યો, રમતા સમતા સંગ;**
**સાધે શુદ્ધાનંદતા, નમો સાધુ શુભરંગ.**

આ પદની ૨૦ નવકારવાલી 'ૐ નમો લોએ સવ્વસાહૂણં' એ પદ વડે ગણવી. આ પદના આરાધનનો કાઉસ્સગ્ગ ૨૭ લોગસ્સનો કરવો, આ પદના ૨૭ ખમાસમણ નીચે પ્રમાણે પદો બોલીને આપવા.

૧. પૃથ્વીકાયરક્ષકેભ્યઃ શ્રી સર્વસાધુભ્યો નમઃ
૨. અપ્‌કાયરક્ષકેભ્યઃ શ્રી સર્વસાધુભ્યો નમઃ
૩. તેઉકાયરક્ષકેભ્યઃ શ્રી સર્વસાધુભ્યો નમઃ
૪. વાયુકાયરક્ષકેભ્યઃ શ્રી સર્વસાધુભ્યો નમઃ
૫. વનસ્પતિકાયરક્ષકેભ્યઃ શ્રી સર્વસાધુભ્યો નમઃ
૬. ત્રસકાયરક્ષકેભ્યઃ શ્રી સર્વસાધુભ્યો નમઃ
૭. સર્વતઃપ્રાણાતિપાતવિરતેભ્યઃ શ્રી સર્વસાધુભ્યો નમઃ
૮. સર્વતઃમૃષાવાદવિરતેભ્યઃ શ્રી સર્વસાધુભ્યો નમઃ
૯. સર્વતોઅદત્તાદાનવિરતેભ્યઃ શ્રી સર્વસાધુભ્યો નમઃ
૧૦. સર્વતો મૈથુનાત્ વિરતેભ્યઃ શ્રી સર્વસાધુભ્યો નમઃ
૧૧. સર્વતઃ પરિગ્રહાત્ વિરતેભ્યઃ શ્રી સર્વસાધુભ્યો નમઃ

**૧૨. સર્વતો રાત્રિભોજનાત્ વિરતેભ્યઃ શ્રી સર્વસાધુભ્યો નમઃ**
**૧૩. ક્રોધાદિકષાયચતુષ્કનિગ્રહકેભ્યઃ શ્રી સર્વસાધુભ્યો નમઃ**
**૧૪. શ્રોત્રેન્દ્રિયવિષયનિગ્રહકેભ્યઃ શ્રી સર્વસાધુભ્યો નમઃ**
**૧૫. ચક્ષુરિન્દ્રિયનિગ્રહકેભ્યઃ શ્રી સર્વસાધુભ્યો નમઃ**
**૧૬. ઘ્રાણેન્દ્રિયવિષયનિગ્રહકેભ્યઃ શ્રી સર્વસાધુભ્યો નમઃ**
**૧૭. રસનેન્દ્રિયવિષયનિગ્રહકેભ્યઃ શ્રી સર્વસાધુભ્યો નમઃ**
**૧૮. સ્પર્શનેન્દ્રિયવિષયનિગ્રહકેભ્યઃ શ્રી સર્વસાધુભ્યો નમઃ**
**૧૯. શીતાદિપરિષહસહકેભ્યઃ શ્રી સર્વસાધુભ્યો નમઃ**
**૨૦. ક્ષમાદિગુણધારકેભ્યઃ શ્રી સર્વસાધુભ્યો નમઃ**
**૨૧. ભાવવિશુદ્ધેભ્યઃ શ્રી સર્વસાધુભ્યો નમઃ**
**૨૨. મનોયોગશુદ્ધેભ્યઃ શ્રી સર્વસાધુભ્યો નમઃ**
**૨૩. વચનયોગશુદ્ધેભ્યઃ શ્રી સર્વસાધુભ્યો નમઃ**
**૨૪. કાયયોગશુદ્ધેભ્યઃ શ્રી સર્વસાધુભ્યો નમઃ**
**૨૫. મરણાન્તઉપસર્ગસહકેભ્યઃ શ્રી સર્વસાધુભ્યો નમઃ**
**૨૬. અંગોપાંગસંકોચનસંલીનતાગુણયુક્તેભ્યઃ**
**શ્રી સર્વસાધુભ્યો નમઃ**
**૨૭. નિર્દોષસંયમયોગયુક્તેભ્યઃ શ્રી સર્વસાધુભ્યો નમઃ**

આ પદનું ધ્યાન શ્યામવર્ણ વડે કરવું. આ પદનું આરાધન કરવાથી શ્રી વીરભદ્ર તીર્થંકર થયા છે.

# અથ અષ્ટમ જ્ઞાન આરાધન વિધિ

**અધ્યાતમ જ્ઞાને કરી, વિઘટે ભવભ્રમભીતિ;**
**સત્ય ધર્મ તે જ્ઞાન છે, નમો નમો જ્ઞાનની રીતિ. ૧**

આ પદની ૨૦ નવકારવાળી 'ૐ નમો નાણસ્સ' એ પદ વડે ગણાવી. આ પદના આરાધન માટે ૫૧ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો. ખમાસમણ ૫૧ નીચે પ્રમાણે પદ બોલીને આપવા.

૧. સ્પર્શનેન્દ્રિયવ્યંજનાવગ્રહાય શ્રી મતિજ્ઞાનાય નમઃ
૨. રસનેન્દ્રિયવ્યંજનાવગ્રહાય શ્રી મતિજ્ઞાનાય નમઃ
૩. ઘ્રાણેન્દ્રિયવ્યંજનાવગ્રહાય શ્રી મતિજ્ઞાનાય નમઃ
૪. શ્રોત્રેન્દ્રિયવ્યંજનાવગ્રહાય શ્રી મતિજ્ઞાનાય નમઃ
૫. સ્પર્શનેન્દ્રિયઅર્થાવગ્રહાય શ્રી મતિજ્ઞાનાય નમઃ
૬. રસનેન્દ્રિયઅર્થાવગ્રહાય શ્રી મતિજ્ઞાનાય નમઃ
૭. ઘ્રાણેન્દ્રિયઅર્થાવગ્રહાય શ્રી મતિજ્ઞાનાય નમઃ
૮. ચક્ષુરિન્દ્રિયઅર્થાવગ્રહાય શ્રી મતિજ્ઞાનાય નમઃ
૯. ક્ષોત્રેન્દ્રિયઅર્થાવગ્રહાય શ્રી મતિજ્ઞાનાય નમઃ
૧૦. મનોઅર્થાવગ્રહાય શ્રી મતિજ્ઞાનાય નમઃ
૧૧. સ્પર્શનેન્દ્રિયઈહાસમ્યક્ શ્રી મતિજ્ઞાનાય નમઃ
૧૨. રસનેન્દ્રિયઈહાસમ્યક્ શ્રી મતિજ્ઞાનાય નમઃ
૧૩. ઘ્રાણેન્દ્રિયઈહાસમ્યક્ શ્રી મતિજ્ઞાનાય નમઃ
૧૪. ચક્ષુરિન્દ્રિયઈહાસમ્યક્ શ્રી મતિજ્ઞાનાય નમઃ
૧૫. શ્રોત્રેન્દ્રિયઈહાસમ્યક્ શ્રી મતિજ્ઞાનાય નમઃ
૧૬. મનઈહાસમ્યક્ શ્રી મતિજ્ઞાનાય નમઃ
૧૭. સ્પર્શનેન્દ્રિય અપાય સમ્યક્ શ્રી મતિજ્ઞાનાય નમઃ
૧૮. રસનેન્દ્રિયઅપાયસમ્યક્ શ્રી મતિજ્ઞાનાય નમઃ
૧૯. ઘ્રાણેન્દ્રિયઅપાયસમ્યક્ શ્રી મતિજ્ઞાનાય નમઃ
૨૦. ચક્ષુરિન્દ્રિયાપાયસમ્યક્ શ્રી મતિજ્ઞાનાય નમઃ
૨૧. શ્રોત્રેન્દ્રિયાપાયસમ્યક્ શ્રી મતિજ્ઞાનાય નમઃ
૨૨. મનોઅપાયસમ્યક્ શ્રી મતિજ્ઞાનાય નમઃ
૨૩. સ્પર્શેન્દ્રિયધારણાય શ્રી મતિજ્ઞાનાય નમઃ
૨૪. રસનેન્દ્રિયધારણાય શ્રી મતિજ્ઞાનાય નમઃ
૨૫. ઘ્રાણેન્દ્રિયધારણાય શ્રી મતિજ્ઞાનાય નમઃ
૨૬. ચક્ષુરિન્દ્રિયધારણાય શ્રી મતિજ્ઞાનાય નમઃ
૨૭. શ્રોત્રેન્દ્રિયધારણાય શ્રી મતિજ્ઞાનાય નમઃ

૨૮. મનોધારણાય શ્રી મતિજ્ઞાનાય નમઃ
૨૯. અક્ષર-શ્રી શ્રુતજ્ઞાનાય નમઃ
૩૦. અનક્ષર-શ્રી શ્રુતજ્ઞાનાય નમઃ
૩૧. સંજ્ઞિ શ્રી શ્રુતજ્ઞાનાય નમઃ
૩૨. અસંજ્ઞિ શ્રી શ્રુતજ્ઞાનાય નમઃ
૩૩. સમ્યક્ શ્રી શ્રુતજ્ઞાનાય નમઃ
૩૪. મિથ્યા શ્રી શ્રુતજ્ઞાનાય નમઃ
૩૫. સાદિ શ્રી શ્રુતજ્ઞાનાય નમઃ
૩૬. અનાદિ શ્રી શ્રુતજ્ઞાનાય નમઃ
૩૭. સપર્યવસિત શ્રી શ્રુતજ્ઞાનાય નમઃ
૩૮. અપર્યવસિત શ્રી શ્રુતજ્ઞાનાય નમઃ
૩૯. ગમિક શ્રી શ્રુતજ્ઞાનાય નમઃ
૪૦. અગમિક શ્રી શ્રુતજ્ઞાનાય નમઃ
૪૧. અંગપ્રવિષ્ટ શ્રી શ્રુતજ્ઞાનાય નમઃ
૪૨. અનંગપ્રવિષ્ટ શ્રી શ્રુતજ્ઞાનાય નમઃ
૪૩. આનુગામિક શ્રી અવધિજ્ઞાનાય નમઃ
૪૪. અનનુગામિક શ્રી અવધિજ્ઞાનાય નમઃ
૪૫. વર્ધમાન શ્રી અવધિજ્ઞાનાય નમઃ
૪૬. હીયમાન શ્રી અવધિજ્ઞાનાય નમઃ
૪૭. પ્રતિપાતી શ્રી અવધિજ્ઞાનાય નમઃ
૪૮. અપ્રતિપાતી શ્રી અવધિજ્ઞાનાય નમઃ
૪૯. ઋજુમતિ શ્રીમનઃપર્યવજ્ઞાનાય નમઃ
૫૦. વિપુલમતિ શ્રીમનઃપર્યવજ્ઞાનાય નમઃ
૫૧. લોકાલોકપ્રકાશક શ્રી કેવલજ્ઞાનાય નમઃ

આ પદનું ધ્યાન ઉજજવલ વર્ણે કરવું. આ પદનું આરાધન કરવાથી જયંતરાજા તીર્થંકર થયા છે.

# અથ નવમ દર્શનપદ આરાધન વિધિ

**લોકાલોકના ભાવ જે, કેવલિ ભાષિત જેહ;**

**સત્ય કરી અવધારતો, નમો નમો દર્શન તેહ.**

આ પદની ૨૦ નવકારવાલી 'ૐ નમો દંસણસ્સ' એ પદ વડે ગણવી. સમકિતના ૬૭ બોલ હોવાથી ૬૭ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો. ખમાસમણ ૬૭ નીચે પ્રમાણે બોલીને આપવા.

**૧. તત્ત્વપરિચયરૂપ શ્રી સમ્યગ્દર્શનગુણધરાય નમઃ**
**૨. તજ્જ્ઞસેવારૂપ શ્રી સમ્યગ્દર્શનગુણધરાય નમઃ**
**૩. કુલિંગસંગવર્જનરૂપ શ્રી સમ્યગ્દર્શનગુણધરાય નમઃ**
**૪. મિથ્યાદર્શનિસંસર્ગવર્જનરૂપ શ્રીસમ્યગ્દર્શનગુણધરાય નમઃ**
**૫. જિનાગમશ્રવણપરમઈચ્છારૂપ શ્રી સમ્યગ્દર્શન-ગુણધરાય નમઃ**
**૬. ધર્મકરણે તીવ્રઈચ્છારૂપ શ્રી સમ્યગ્દર્શનગુણધરાય નમઃ**
**૭. વૈયાવૃત્ત્યકરણતત્પરરૂપ શ્રી સમ્યગ્દર્શનગુણધરાય નમઃ**
**૮. અરિહંતવિનયકરણરૂપ શ્રી સમ્યગ્દર્શનગુણધરાય નમઃ**
**૯. શ્રી સિદ્ધવિનયકરણરૂપ શ્રી સમ્યગ્દર્શનગુણધરાય નમઃ**
**૧૦. શ્રી જિનપ્રતિમાવિનયકરણરૂપ શ્રી સમ્યગ્દર્શન-ગુણધરાય નમઃ**
**૧૧. શ્રી શ્રુતજ્ઞાનવિનયકરણરૂપ શ્રી સમ્યગ્દર્શનગુણધરાય નમઃ**
**૧૨. શ્રી ચારિત્રધર્મવિનયકરણરૂપ શ્રી સમ્યગ્દર્શનગુણ-ધરાય નમઃ**
**૧૩. શ્રી સાધુમુનિરાજવિનયકરણરૂપ શ્રી સમ્યગ્દર્શન-ગુણધરાય નમઃ**
**૧૪. શ્રી આચાર્યવિનયકરણરૂપ શ્રી સમ્યગ્દર્શનગુણધરાય નમઃ**
**૧૫. શ્રી ઉપાધ્યાયવિનયકરણરૂપ શ્રી સમ્યગ્દર્શનગુણધરાય નમઃ**
**૧૬. શ્રી પ્રવચનરૂપસંઘવિનયકરણરૂપ શ્રી સમ્યગ્દર્શન-ગુણધરાય નમઃ**
**૧૭. શ્રી સમ્યગ્દર્શનવિનયકરણરૂપ શ્રી સમ્યદર્શનગુણધરાય નમઃ**
**૧૮. મનઃશુદ્ધિરૂપ શ્રી સમ્યગ્દર્શનગુણધરાય નમઃ**
**૧૯. વચનશુદ્ધિરૂપ શ્રી સમ્યગ્દર્શનગુણધરાય નમઃ**
**૨૦. કાયશુદ્ધિરૂપ શ્રી સમ્યગ્દર્શનગુણધરાય નમઃ**

૨૧. શંકાદૂષણત્યાગરૂપ શ્રી સમ્યગ્દર્શનગુણધરાય નમઃ
૨૨. આકાંક્ષાદૂષણત્યાગરૂપ શ્રી સમ્યગ્દર્શનગુણધરાય નમઃ
૨૩. વિચિકિત્સાદૂષણત્યાગરૂપ શ્રી સમ્યગ્દર્શનગુણધરાય નમઃ
૨૪. મિથ્યાદષ્ટિપ્રશંસાવર્જનરૂપ શ્રી સમ્યગ્દર્શનગુણધરાય નમઃ
૨૫. મિથ્યાદષ્ટિસંસર્ગવર્જનરૂપ શ્રી સમ્યગ્દર્શનગુણધરાય નમઃ
૨૬. શ્રી પ્રવચનપ્રભાવક શ્રી સમ્યગ્દર્શનગુણધરાય નમઃ
૨૭. શ્રી ધર્મકથાપ્રભાવક શ્રી સમ્યગ્દર્શનગુણધરાય નમઃ
૨૮. શ્રી વાદિપ્રભાવકશ્રી સમ્યગ્દર્શનગુણધરાય નમઃ
૨૯. શ્રી નિમિત્તકપ્રભાવક શ્રી સમ્યગ્દર્શનગુણધરાય નમઃ
૩૦. શ્રી તપસ્વિપ્રભાવક શ્રી સમ્યગ્દર્શનગુણધરાય નમઃ
૩૧. શ્રી વિદ્યાપ્રભાવક શ્રી સમ્યગ્દર્શનગુણધરાય નમઃ
૩૨. શ્રી સિદ્ધપ્રભાવક શ્રી સમ્યગ્દર્શનગુણધરાય નમઃ
૩૩. શ્રી કવિપ્રભાવક શ્રી સમ્યગ્દર્શનગુણધરાય નમઃ
૩૪. શ્રી સ્થૈર્યધારક શ્રી સમ્યગ્દર્શનગુણધરાય નમઃ
૩૫ શ્રી પ્રભાવનાભૂષણધારક શ્રી સમ્યગ્દર્શનગુણધરાય નમઃ
૩૬. શ્રી ક્રિયાકુશલભૂષણધારક શ્રી સમ્યગ્દર્શનગુણધરાય નમઃ
૩૭. શ્રી અંતરંગભક્તિભૂષણધારક શ્રી સમ્યગ્દર્શન-ગુણધરાય નમઃ
૩૮. તીર્થસેવાભૂષણધારક શ્રી સમ્યગ્દર્શનગુણધરાય નમઃ
૩૯. શમલક્ષણધારક શ્રી સમ્યગ્દર્શનગુણધરાય નમઃ
૪૦. સંવેગલક્ષણધારક શ્રી સમ્યગ્દર્શનગુણધરાય નમઃ
૪૧. નિર્વેદલક્ષણધારક શ્રી સમ્યગ્દર્શનગુણધરાય નમઃ
૪૨. અનુકંપાલક્ષણધારક શ્રી સમ્યગ્દર્શનગુણધરાય નમઃ
૪૩. આસ્તિક્યતાલક્ષણધારક શ્રી સમ્યગ્દર્શનગુણધરાય નમઃ
૪૪. અન્યદેવનમનત્યાગરૂપ શ્રી સમ્યગ્દર્શનગુણધરાય નમઃ
૪૫. અન્યદર્શની ગૃહીતજિનપ્રતિમાનમનત્યાગરૂપ
શ્રી સમ્યગ્દર્શનગુણધરાય નમઃ
૪૬. મિથ્યાદર્શનિ સહસંલાપત્યાગરૂપ શ્રી સમ્યગ્દર્શન-ગુણધરાય નમઃ

૪૭. મિથ્યાદર્શનિસહઆલાપત્યાગરૂપ શ્રી સમ્યગ્દર્શન-ગુણધરાય નમઃ
૪૮. મિથ્યાદર્શનિનાં આહારદાન-ત્યાગરૂપ શ્રી સમ્યગ્દર્શન-ગુણધરાય નમઃ
૪૯. મિથ્યાદર્શનનિનાં વારંવાર આહારાદિ દાન ત્યાગરૂપ શ્રી સમ્યગ્દર્શનગુણધરાય નમઃ
૫૦. રાયાભિયોગેણં આગારવાન્ આહારાદિ દાન ત્યાગરૂપ શ્રી સમ્યગ્દર્શનગુણધરાય નમઃ
૫૧. બલાભિયોગેણં આગારવાન્ શ્રી સમ્યગ્દર્શનગુણધરાય નમઃ
૫૨. ગણાભિયોગેણં આગારવાન્ શ્રી સમ્યગ્દર્શનગુણધરાય નમઃ
૫૩. દેવાભિયોગેણં આગારવાન્ શ્રી સમ્યગ્દર્શનગુણધરાય નમઃ
૫૪. ગુરુનિગ્ગ્હેણં આગારવાન્ શ્રી સમ્યગ્દર્શનગુણધરાય નમઃ
૫૫. વિત્તિકાંતારેણં આગારવાન્ શ્રી સમ્યગ્દર્શનગુણધરાય નમઃ
૫૬. ધર્મરૂપવૃક્ષસ્ય મૂલભૂત શ્રી સમ્યગ્દર્શનગુણધરાય નમઃ
૫૭. મોક્ષરૂપનગરસ્ય દ્વારભૂત શ્રી સમ્યગ્દર્શનગુણધરાય નમઃ
૫૮. ધર્મરૂપવાહનસ્ય પીઠભૂત શ્રી સમ્યગ્દર્શનગુણધરાય નમઃ
૫૯. વિનયાદિગુણસ્ય આધારભૂત શ્રી સમ્યગ્દર્શનગુણધરાય નમઃ
૬૦. ધર્મરૂપઅમૃતસ્ય પાત્રભૂત શ્રી સમ્યગ્દર્શનગુણધરાય નમઃ
૬૧. રત્નત્રયીણાં નિધાનભૂત શ્રી સમ્યગ્દર્શનગુણધરાય નમઃ
૬૨. અસ્તિ આત્મા-ઈતિ નિર્ણયરૂપ શ્રી સમ્યગ્દર્શન-ગુણધરાય નમઃ
૬૩. નિત્યાનિત્ય આત્મા ઈતિ નિર્ણયરૂપ શ્રી સમ્યગ્દર્શન-ગુણધરાય નમઃ
૬૪. જીવઃકર્મણઃકર્તાઈતિનિર્ણયરૂપ શ્રી સમ્યગ્દર્શન-ગુણધરાય નમઃ
૬૫. જીવઃકર્મણો ભોકતા ઈતિ નિર્ણયરૂપ શ્રી સમ્યગ્દર્શન-ગુણધરાય નમઃ
૬૬. અસ્તિ જીવસ્ય-મોક્ષ-ઈતિ નિર્ણયરૂપ શ્રી સમ્યગ્દર્શનગુણધરાય નમઃ

**૬૭. મોક્ષસ્ય અસ્તિ ઉપાય-ઈતિ નિર્ણયરૂપ**
**શ્રી સમ્યગ્દર્શનગુણધરાય નમઃ**

આ પદનું ધ્યાન ઉજ્જવલ વર્ણે કરવું. આ પદનું આરાધન કરવાથી શ્રી હરિવિક્રમરાજા તીર્થંકર થયા છે.

# અથ દશમ વિનયપદ આરાધન વિધિ

**શૌચમૂલથી મહાગુણી, સર્વ ધર્મનો સાર;**
**ગુણ અનંતનો કંદ એ, નમો વિનય આચાર.**

આ પદની ૨૦ નવકારવાલી 'ૐ નમઃ વિનયગુણ-સંપન્નસ્સ' એ પદ વડે ગણવી. વિનયપદના ૫૨ (બાવન) પ્રકાર હોવાથી ૫૨ (બાવન) લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો. ખમાસમણ નીચે પ્રમાણે પદો કહીને ૫૨ (બાવન) આપવા.

**૧. શ્રી તીર્થંકરાણાં અનાશાતનારૂપ શ્રી વિનયગુણપ્રાપ્તેભ્યો નમઃ**
**૨. શ્રી તીર્થંકરાણાં ભક્તિકરણરૂપ શ્રી વિનયગુણપ્રાપ્તેભ્યો નમઃ**
**૩. શ્રી તીર્થંકરાણાં બહુમાનકરણરૂપ શ્રી વિનયગુણ-પ્રાપ્તેભ્યો નમઃ**
**૪. શ્રી તીર્થંકરાણાં સ્તુતિકરણરૂપ શ્રી વિનયગુણપ્રાપ્તેભ્યો નમઃ**
**૫. શ્રી સિદ્ધાનાં અનાશાતનારૂપ શ્રી વિનયગુણપ્રાપ્તેભ્યો નમઃ**
**૬. શ્રી સિદ્ધાનાં ભક્તિકરણ શ્રી વિનયગુણપ્રાપ્તેભ્યો નમઃ**
**૭. શ્રી સિદ્ધાનાં સ્તુતિકરણરૂપ શ્રી વિનયગુણપ્રાપ્તેભ્યો નમઃ**
**૮. શ્રી સિદ્ધાનાં બહુમાનકરણરૂપ શ્રી વિનયગુણપ્રાપ્તેભ્યો નમઃ**
**૯. શ્રી સુવિહિતચાંદ્રાદિકુલાનાં અનાશાતનારૂપ શ્રી વિનયગુણપ્રાપ્તેભ્યો નમઃ**
**૧૦. શ્રી સુવિહિતચાંદ્રાદિકુલાનાં ભક્તિકરણરૂપ શ્રી વિનયગુણપ્રાપ્તેભ્યો નમઃ**
**૧૧. શ્રી સુવિહિતિચાંદ્રાદિકુલાનાં બહુમાનકરણરૂપ શ્રી વિનયગુણપ્રાપ્તેભ્યો નમઃ**

૧૨. શ્રી સુવિહિતચાંદ્રાદિકુલાનાં સ્તુતિકરણરૂપ
શ્રી વિનયગુણપ્રાપ્તેભ્યો નમઃ
૧૩. શ્રી કોટિકાદિગણોત્પન્નસુવિહિતમુનિનાં અનાશાતના-
કરણરૂપ શ્રી વિનયગુણપ્રાપ્તેભ્યો નમઃ
૧૪. શ્રી કોટિકાદિગણોત્પન્નસુવિહિતમુનિનાં ભક્તિકરણ-તત્પર
શ્રી વિનયગુણપ્રાપ્તેભ્યો નમઃ
૧૫. શ્રી કોટિકાદિગણોત્પન્નસુવિહિતમુનિનાં બહુમાન-
કરણતત્પર શ્રી વિનયગુણપ્રાપ્તેભ્યો નમઃ
૧૬. શ્રી કોટિકાદિગણોત્પન્નસુવિહિતમુનિનાં સ્તુતિકરણ-તત્પર
શ્રી વિનયગુણપ્રાપ્તેભ્યો નમઃ
૧૭. શ્રી ચતુર્વિધસંઘસ્ય અનાશાતનાકરણરૂપ
શ્રી વિનયગુણપ્રાપ્તેભ્યો નમઃ
૧૮. શ્રી સમસ્તસંઘસ્ય ભક્તિકરણતત્પર શ્રી વિનયગુણ-પ્રાપ્તેભ્યો નમઃ
૧૯. શ્રી સમસ્તસંઘસ્ય બહુમાનકરણતત્પર શ્રી વિનયગુણ-
પ્રાપ્તેભ્યો નમઃ
૨૦. શ્રી સમસ્તસંઘસ્ય સ્તુતિકરણતત્પર શ્રી વિનયગુણ-પ્રાપ્તેભ્યો નમઃ
૨૧. શ્રી શુદ્ધાગમોક્તક્રિયાકારકસ્ય અનાશાતનાકરણરૂપ
શ્રી વિનયગુણપ્રાપ્તેભ્યો નમઃ
૨૨. શ્રી શુદ્ધાગમોક્તક્રિયાકારસ્ય ભક્તિકરણતત્પર
શ્રી વિનયગુણપ્રાપ્તેભ્યો નમઃ
૨૩. શ્રી શુદ્ધાગમોક્તક્રિયાકારકસ્ય બહુમાનકરણતત્પર
શ્રી વિનયગુણપ્રાપ્તેભ્યો નમઃ
૨૪. શ્રી શુદ્ધાગમોક્તક્રિયાકારકસ્ય સ્તુતિકરણતત્પર
શ્રી વિનયગુણપ્રાપ્તેભ્યો નમઃ
૨૫. શ્રી જિનોક્તધર્મસ્ય અનાશાતનાકરણરૂપ
શ્રી વિનય-ગુણપ્રાપ્તેભ્યો નમઃ
૨૬. શ્રી જિનોક્તધર્મસ્ય ભક્તિકરણતત્પર

શ્રી વિનય-ગુણપ્રાપ્તેભ્યો નમઃ
૨૭ શ્રી જિનોક્તધર્મસ્ય બહુમાનકરણતત્પર શ્રી વિનય-ગુણપ્રાપ્તેભ્યો નમઃ
૨૮. શ્રી જિનોક્તધર્મસ્ય સ્તુતિકરણતત્પર શ્રી વિનય-ગુણપ્રાપ્તેભ્યો નમઃ
૨૯. શ્રી જ્ઞાનગુણપ્રાપ્તસ્ય અનાશાતનાકરણરૂપ શ્રી વિનય-ગુણપ્રાપ્તેભ્યો નમઃ
૩૦. શ્રી જ્ઞાનગુણપ્રાપ્તસ્ય ભક્તિકરણતત્પર શ્રી વિનય-ગુણપ્રાપ્તેભ્યો નમઃ
૩૧. શ્રી જ્ઞાનગુણપ્રાપ્તસ્ય બહુમાનકરણતત્પર શ્રી વિનય-ગુણપ્રાપ્તેભ્યો નમઃ
૩૨. શ્રીજ્ઞાનગુણપ્રાપ્તસ્ય સ્તુતિકરણતત્પર શ્રી વિનય-ગુણપ્રાપ્તેભ્યો નમઃ
૩૩. શ્રી જ્ઞાનસ્ય અનાશાતનાકરણરૂપ શ્રી વિનય-ગુણપ્રાપ્તેભ્યો નમઃ
૩૪. શ્રી જ્ઞાનસ્ય ભક્તિકરણતત્પર શ્રી વિનયગુણપ્રાપ્તેભ્યો નમઃ
૩૫. શ્રી જ્ઞાનસ્ય બહુમાનકરણતત્પર શ્રી વિનયગુણપ્રાપ્તેભ્યો નમઃ
૩૬. શ્રી જ્ઞાનસ્ય સ્તુતિકરણતત્પર શ્રી વિનયગુણપ્રાપ્તેભ્યો નમઃ
૩૭. શ્રીમદાચાર્યસ્ય અનાશાતનારૂપ શ્રી વિનયગુણપ્રાપ્તેભ્યો નમઃ
૩૮. શ્રીમદાચાર્યસ્યભક્તિકરણતત્પર શ્રી વિનયગુણ-પ્રાપ્તેભ્યો નમઃ
૩૯. શ્રીમદાચાર્યસ્યબહુમાનકરણતત્પર શ્રી વિનયગુણ-પ્રાપ્તેભ્યો નમઃ
૪૦. શ્રીમદાચાર્યસ્યસ્તુતિકરણતત્પર શ્રી વિનયગુણ-પ્રાપ્તેભ્યો નમઃ
૪૧. શ્રી સ્થવિરમુનિનાં અનાશાતનારૂપ શ્રી વિનયગુણ-પ્રાપ્તેભ્યો નમઃ
૪૨. શ્રી સ્થવિરમુનિનાં ભક્તિકરણતત્પર શ્રી વિનયગુણ-પ્રાપ્તેભ્યો નમઃ
૪૩. શ્રી સ્થવિરમુનિનાં બહુમાનકરણતત્પર શ્રી વિનય-ગુણપ્રાપ્તેભ્યો નમઃ
૪૪. શ્રી સ્થવિરમુનિનાં સ્તુતિકરણતત્પર શ્રી વિનય-ગુણપ્રાપ્તેભ્યો નમઃ
૪૫. શ્રીમદુપાધ્યાયસ્ય અનાશાતનાકરણતત્પર

**શ્રી વિનય-ગુણપ્રાપ્તેભ્યો નમઃ**

**૪૬. શ્રીમદુપાધ્યાયસ્યભક્તિકરણતત્પર**
**શ્રી વિનય-ગુણપ્રાપ્તેભ્યો નમઃ**

**૪૭. શ્રીમદુપાધ્યાયસ્ય બહુમાનકરણતત્પર શ્રી વિનય-ગુણપ્રાપ્તેભ્યો નમઃ**

**૪૮. શ્રીમદુપાધ્યાયસ્સ્તુતિકરણતત્પર શ્રી વિનય-ગુણપ્રાપ્તેભ્યો નમઃ**

**૪૯. શ્રીમદ્ ગણાવચ્છેદકસ્ય અનાશાતનાકરણરૂપ**
**શ્રી વિનયગુણપ્રાપ્તેભ્યો નમઃ**

**૫૦. શ્રીમદ્ ગણાવચ્છેદકસ્ય ભક્તિકરણતત્પર શ્રી વિનય-ગુણપ્રાપ્તેભ્યો નમઃ**

**૫૧. શ્રીમદ્ ગણાવચ્છેદકસ્ય બહુમાનકરણતત્પર**
**શ્રી વિનયગુણપ્રાપ્તેભ્યો નમઃ**

**૫૨. શ્રીમદ્ ગણાવચ્છેદકસ્ય સ્તુતિકરણતત્પર**
**શ્રી વિનયગુણપ્રાપ્તેભ્યો નમઃ**

આ પદનું ધ્યાન ઉજ્જવલ વર્ણે કરવું. આ પદનું આરાધન કરવાથી ધનશેઠ તીર્થંકરપદ પામ્યા છે.

આ વિનયપદના પાંચ, દશ, તેર, બાવન, અને છાસઠ ભેદ થાય છે. તેમાંથી અહીં ઉપર પ્રમાણે પર (બાવન) ભેદ લખ્યા છે.

# અથ એકાદશ ચારિત્રપદ આરાધન વિધિ

**રત્નત્રયી વિણુ સાધના, નિષ્ફલ કહી સદીવ;**
**ભાવરયણનું નિધાન છે, જય જય સંયમ-જીવ**

આ પદની ૨૦ નવકારવાલી 'ૐ નમો ચારિતસ્સ' એ પદ વડે ગણવી. આ પદના ૭૦ ભેદ હોવાથી ૭૦ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો. આ પદના ખમાસમણ ૭૦ નીચે પ્રમાણે પદો બોલીને આપવા.

૧. સર્વતઃપ્રાણાતિપાતવિરમણવ્રતધરાય શ્રી ચારિત્રાય નમઃ
૨. સર્વતઃમૃષાવાદવિરમણવ્રતધરાય શ્રી ચારિત્રાય નમઃ
૩. સર્વતઃઅદત્તાદાનવિરમણવ્રતધરાય શ્રી ચારિત્રાય નમઃ
૪. સર્વતઃમૈથુનવિરમણવ્રતધરાય શ્રી ચારિત્રાય નમઃ
૫. સર્વતઃપરિગ્રહવિરમણવ્રતધરાય શ્રી ચારિત્રાય નમઃ
૬. સમ્યક્ક્ષમાગુણધરાય શ્રી ચારિત્રાય નમઃ
૭. સમ્યગ્માર્દવગુણધરાય શ્રી ચારિત્રાય નમઃ
૮. સમ્યગ્માર્જવગુણધરાય શ્રી ચારિત્રાય નમઃ
૯. સમ્યગ્મુક્તિગુણધરાય શ્રી ચારિત્રાય નમઃ
૧૦. સમ્યક્ તપોગુણધરાય શ્રી ચારિત્રાય નમઃ
૧૧. સમ્યક્સંયમગુણધરાય શ્રી ચારિત્રાય નમઃ
૧૨. સમ્યક્સત્યગુણધરાય શ્રી ચારિત્રાય નમઃ
૧૩. સમ્યક્શૌચગુણધરાય શ્રી ચારિત્રાય નમઃ
૧૪. સમ્યગ્અકિંચનગુણધરાય શ્રી ચારિત્રાય નમઃ
૧૫. સમ્યગ્બ્રહ્મચર્યગુણધરાય શ્રી ચારિત્રાય નમઃ
૧૬. પૃથ્વીકાયજીવરક્ષકાય શ્રી ચારિત્રાય નમઃ
૧૭. અપ્કાયરક્ષકાય શ્રી ચારિત્રાય નમઃ
૧૮. તેઉકાયરક્ષકાય શ્રી ચારિત્રાય નમઃ
૧૯. વાઉકાયરક્ષકાય શ્રી ચારિત્રાય નમઃ
૨૦. વનસ્પતિકાયરક્ષકાય શ્રી ચારિત્રાય નમઃ
૨૧. બેઈન્દ્રિયરક્ષકાય શ્રી ચારિત્રાય નમઃ
૨૨. તેઈન્દ્રિયરક્ષકાય શ્રી ચારિત્રાય નમઃ
૨૩. ચઉરિંદ્રિયરક્ષકાય શ્રી ચારિત્રાય નમઃ
૨૪. પંચેન્દ્રિયરક્ષકાય શ્રી ચારિત્રાય નમઃ
૨૫. અજીવસંયમાય શ્રી ચારિત્રાય નમઃ
૨૬. પ્રેક્ષાસંયમાય શ્રી ચારિત્રાય નમઃ
૨૭. ઉપેક્ષાસંયમાય આરંભઉત્સૂત્રભાષણત્યાગાય શ્રી ચારિત્રાય નમઃ

૨૮. પ્રમાર્જનસંયમાય શ્રી ચારિત્રાય નમઃ
૨૯. [1]પારિષ્ઠાપનસંયમઉપયોગયુકતાય શ્રી ચારિત્રાય નમઃ
૩૦. [2]મનઃસંયમયુકતાય શ્રી ચારિત્રાય નમઃ
૩૧. [3]વચનસંયમયુકતાય શ્રી ચારિત્રાય નમઃ
૩૨. [4]કાયસંયમયુકતાય શ્રી ચારિત્રાય નમઃ
૩૩. શ્રી આચાર્ય સ્યવૈયાવચ્ચકરણરૂપ શ્રી ચારિત્રાય નમઃ
૩૪. શ્રી ઉપાધ્યાયસ્ય વૈયાવચ્ચકરણરૂપ શ્રી ચારિત્રાય નમઃ
૩૫. શ્રી તપસ્વિવૈયાવચ્ચકરણરૂપ શ્રી ચારિત્રાય નમઃ
૩૬. શ્રી લઘુશિષ્યવૈયાવચ્ચકરણરૂપ શ્રી ચારિત્રાય નમઃ
૩૭. શ્રી ગ્લાનમુનેર્વૈયાવચ્ચકરણરૂપ શ્રી ચારિત્રાય નમઃ
૩૮. શ્રી સ્થવિરવૈયાવચ્ચકરણરૂપ શ્રી ચારિત્રાય નમઃ
૩૯. શ્રીસમનોજ્ઞએકસામાચારિકારસ્ય વૈયાવચ્ચકરણરૂપ
શ્રી ચારિત્રાય નમઃ
૪૦. શ્રી શ્રમણસંઘસ્ય વૈયાવચ્ચકરણરૂપ શ્રી ચારિત્રાય નમઃ
૪૧. શ્રી ચાંદ્રાદિકુલસ્ય વૈયાવચ્ચકરણરૂપ શ્રી ચારિત્રાય નમઃ
૪૨. શ્રી કોટિકાદિગણસ્ય વૈયાવચ્ચકરણરૂપ શ્રી ચારિત્રાય નમઃ
૪૩. શ્રીસ્ત્રીપશુપંડક રહિતવસતિવાસિશુદ્ધબ્રહ્મવ્રતયુકતાય
શ્રી ચારિત્રાય નમઃ
૪૪. શ્રી સ્ત્રીસહસરાગવાર્તાલાપ વર્જકાય શ્રીબ્રહ્મવ્રત યુકતાય
શ્રી ચારિત્રાય નમઃ
૪૫. શ્રી સ્ત્રીઆસનવર્જકાય શ્રીબ્રહ્મવ્રતયુકતાય શ્રી ચારિત્રાય નમઃ
૪૬. શ્રી સ્ત્રીસરાગઅંગોપાંગનિરીક્ષણવર્જકાય શ્રી ચારિત્રાય નમઃ
૪૭. શ્રી કુડ્યાંતરિતસ્ત્રીપુરુષક્રીડાસ્થાનવર્જકાય
શ્રી બ્રહ્મવ્રતયુકતાય શ્રી ચારિત્રાય નમઃ
૪૮. ગૃહસ્થાશ્રમે સ્ત્રીસંગક્રીડાવિલાસસ્મરણવર્જકાય
શ્રી બ્રહ્મવ્રતયુકતાય શ્રી ચારિત્રાય નમઃ

---

૧. યતનાપૂર્વક વર્તવું તે. ૨. મનગુપ્તિ. ૩. વચનગુપ્તિ. ૪. કાયગુપ્તિ.

૪૯. સરસઆહારવર્જકાય શ્રી બ્રહ્મવ્રતયુક્તાય શ્રી ચારિત્રાય નમઃ
૫૦. અતિમાત્રાહારવર્જકાય શ્રી બ્રહ્મવ્રતયુક્તાય શ્રી ચારિત્રાય નમઃ
૫૧. વિભૂષણાદિ શરીરશોભા વર્જકાય શ્રી બ્રહ્મવ્રતયુક્તાય શ્રી ચારિત્રાય નમઃ
૫૨. શ્રી સમ્યગ્જ્ઞાનગુણયુક્તાય શ્રી ચારિત્રાય નમઃ
૫૩. શ્રી સમ્યગ્દર્શનસહિતાય શ્રી ચારિત્રાય નમઃ
૫૪. શ્રી સમ્યક્ ચારિત્રગુણયુક્તાય શ્રી ચારિત્રાય નમઃ
૫૫. શ્રી અણસણતપોયુક્તાય શ્રી ચારિત્રાય નમઃ
૫૬. શ્રી ઉણોદરીતપોયુક્તાય શ્રી ચારિત્રાય નમઃ
૫૭. શ્રી વૃત્તિસંક્ષેપ અભિગ્રહધારકતપોયુક્તાય શ્રી ચારિત્રાય નમઃ
૫૮. શ્રી રસત્યાગરૂપતપોયુક્તાય શ્રી ચારિત્રાય નમઃ
૫૯. શ્રી લોચાદિકાયક્લેશસહનરૂપતપોયુક્તાય શ્રી ચારિત્રાય નમઃ
૬૦. શ્રી સંલીનતાઈન્દ્રિયવશ્યકારકાય શ્રી ચારિત્રાય નમઃ
૬૧. શ્રી પ્રાયશ્ચિત્તગ્રહણરૂપ અભ્યંતરતપોયુક્તાય શ્રી ચારિત્રાય નમઃ
૬૨. શ્રી વિનયકરણરૂપ અભ્યંતરતપોયુક્તાય શ્રી ચારિત્રાય નમઃ
૬૩. શ્રી વૈયાવચ્ચકરણરૂપ અભ્યંતરતપોયુક્તાય શ્રી ચારિત્રાય નમઃ
૬૪. શ્રી સ્વાધ્યાયકરણરૂપ અભ્યંતરતપોયુક્તાય શ્રી ચારિત્રાય નમઃ
૬૫. શ્રી શુભધ્યાનકરણરૂપ અભ્યંતરતપોયુક્તાય શ્રી ચારિત્રાય નમઃ
૬૬. શ્રી કાયોત્સર્ગકરણરૂપ અભ્યંતરતપોયુક્તાય શ્રી ચારિત્રાય નમઃ
૫૭. શ્રી ક્રોધજયકરાય શ્રી ચારિત્રાય નમઃ
૬૮. શ્રી માનજયકરાય શ્રી ચારિત્રાય નમઃ
૬૯. શ્રી માયાજયકરાય શ્રી ચારિત્રાય નમઃ
૭૦. શ્રી લોભજયકરાય શ્રી ચારિત્રાય નમઃ

આ પદનું ધ્યાન ઉજ્જવલ વર્ણે કરવું. આ પદના આરાધનથી શ્રી વરુણદેવ તીર્થંકર થયા છે.

# અથ દ્વાદશ બ્રહ્મવ્રતધારી પદ આરાધન વિધિ

**જિનપ્રતિમા જિનમંદિરાં, કંચનના કરે જેહ;**
**બ્રહ્મવ્રતથી બહુ ફલ લહે, નમો નમો શિયલ સુદેહ.**

આ પદની ૨૦ નવકારવાલી 'ૐ નમો બંભવયધારિણં' એ પદ વડે ગણવી. આ પદના આરાધન માટે કાઉસ્સગ્ગ ૧૮ લોગસ્સનો કરવો. ખમાસમણ ૧૮ નીચે પ્રમાણે બોલીને આપવા.

**૧. મનસા ઔદારિકવિષય અસેવનરૂપ શ્રી બ્રહ્મચારિભ્યો નમઃ**
**૨. મનસા ઔદારિકવિષય અસેવાવનરૂપ શ્રી બ્રહ્મ-ચારિભ્યો નમઃ**
**૩. મનસા ઔદારિકવિષય અનુમોદનરૂપ શ્રી બ્રહ્મ-ચારિભ્યો નમઃ**
**૪. વચસા ઔદારિકવિષય અસેવનરૂપ શ્રી બ્રહ્મ-વ્રતધારકેભ્યો નમઃ**
**૫. વચસા ઔદારિકવિષય અસેવાવનરૂપ શ્રી બ્રહ્મ-વ્રતધારકેભ્યો નમઃ**
**૬. વચસા ઔદારિકવિષય અનુમોદનરૂપ શ્રી બ્રહ્મ-વ્રતધારકેભ્યો નમઃ**
**૭. કાયેન ઔદારિકવિષય અસેવનરૂપ શ્રી બ્રહ્મ-વ્રતધારકેભ્યો નમઃ**
**૮. કાયેન ઔદારિકવિષય અસેવાવનરૂપ શ્રી બ્રહ્મવ્રતધારકેભ્યો નમઃ**
**૯. કાયેન ઔદારિકવિષય અનુમોદનરૂપ શ્રી બ્રહ્મ-વ્રતધારકેભ્યો નમઃ**
**૧૦. મનસા વૈક્રિયવિષય અસેવનરૂપ શ્રી બ્રહ્મચારિભ્યો નમઃ**
**૧૧. મનસા વૈક્રિયવિષય અસેવાવનરૂપ શ્રી બ્રહ્મચારિભ્યો નમઃ**
**૧૨. મનસા વૈક્રિયવિષય અનુમોદનરૂપ શ્રી બ્રહ્મચારિભ્યો નમઃ**
**૧૩. વચસા વૈક્રિયવિષય અસેવનરૂપ શ્રી બ્રહ્મવ્રતધારકેભ્યો નમઃ**
**૧૪. વચસા વૈક્રિયવિષય અસેવાવનરૂપ શ્રી બ્રહ્મ-વ્રતધારકેભ્યો નમઃ**
**૧૫. વચસા વૈક્રિયવિષય અનુમોદનરૂપ શ્રી બ્રહ્મ-વ્રતધારકેભ્યો નમઃ**
**૧૬. કાયેન વૈક્રિયવિષય અસેવનરૂપ શ્રી બ્રહ્મચર્યધરાય નમઃ**
**૧૭. કાયેન વૈક્રિયવિષય અસેવાવનરૂપ શ્રી બ્રહ્મચર્યધરાય નમઃ**
**૧૮. કાયેન વૈક્રિયવિષય અનનુમોદનરૂપ શ્રી બ્રહ્મચર્યધરાય નમઃ**

આ પદના આરાધનથી ચંદ્રવર્મારાજા તીર્થંકરપદને પામ્યા છે.

# અથ ત્રયોદશ ક્રિયાપદ આરાધન વિધિ

**આત્મબોધ વિણુ જે ક્રિયા, તે તો બાલક ચાલ;**
**તત્ત્વારથથી ધારીએ, નમો ક્રિયા સુવિશાલ.**

આ પદની ૨૦ નવકારવાલી 'ૐ નમો કિરિયાણં' એ પદ વડે ગણવી. આ પદના આરાધન માટે કાઉસ્સગ્ગ ૨૫ લોગસ્સનો કરવો, ખમાસમણ ૨૫ નીચે પ્રમાણે પદ બોલીને આપવા.

**૧. અશુદ્ધકાયિકક્રિયાપ્રવર્તનરહિતાય શ્રી ક્રિયાગુણવતે નમઃ**
**૨. આધિકરણક્રિયાપ્રવર્તનરહિતાય શ્રી ક્રિયાગુણવતે નમઃ**
**૩. પારિતાપનિકક્રિયાપ્રવર્તનરહિતાય શ્રી ક્રિયાગુણવતે નમઃ**
**૪. પ્રાણાતિપાતિકક્રિયાપ્રવર્તનરહિતાય શ્રી ક્રિયાગુણવતે નમઃ**
**૫. આરંભિકક્રિયાપ્રવર્તનરહિતાય શ્રી ક્રિયાગુણવતે નમઃ**
**૬. પરિગ્રહિકક્રિયાપ્રવર્તનરહિતાય શ્રી ક્રિયાગુણવતે નમઃ**
**૭. માયાપ્રત્યયિકક્રિયાપ્રવર્તનરહિતાય શ્રી ક્રિયાગુણવતે નમઃ**
**૮. મિથ્યાદર્શનક્રિયાપ્રવર્તનરહિતાય શ્રી ક્રિયાગુણવતે નમઃ**
**૯. અપ્રત્યાખ્યાનક્રિયાપ્રવર્તનરહિતાય શ્રી ક્રિયાગુણવતે નમઃ**
**૧૦. દષ્ટિજીક્રિયાપ્રવર્તનરહિતાય શ્રી ક્રિયાગુણવતે નમઃ**
**૧૧. સ્પૃષ્ટિજીક્રિયાપ્રવર્તનરહિતાય શ્રી ક્રિયાગુણવતે નમઃ**
**૧૨. પ્રાતિત્યકક્રિયાપ્રવર્તનરહિતાય શ્રી ક્રિયાગુણવતે નમઃ**
**૧૩. સામંતોપનિપાતકક્રિયાપ્રવર્તનરહિતાય શ્રી ક્રિયાગુણવતે નમઃ**
**૧૪. નૈસૃષ્ટિકક્રિયાપ્રવર્તનરહિતાય શ્રી ક્રિયાગુણવતે નમઃ**
**૧૫. સ્વહસ્તિકક્રિયાપ્રવર્તનરહિતાય શ્રી ક્રિયાગુણવતે નમઃ**
**૧૬. અનયનક્રિયાપ્રવર્તનરહિતાય શ્રી ક્રિયાગુણવતે નમઃ**
**૧૭. વિદારણિકક્રિયાપ્રવર્તનરહિતાય શ્રી ક્રિયાગુણવતે નમઃ**
**૧૮. અનાભોગપ્રત્યયિકક્રિયાપ્રવર્તનરહિતાય શ્રી ક્રિયા-ગુણવતે નમઃ**
**૧૯. અનવકાંક્ષાપ્રત્યયિકક્રિયાપ્રવર્તનરહિતાય શ્રી ક્રિયા-ગુણવતે નમઃ**
**૨૦. આજ્ઞાપનપ્રત્યયિકક્રિયાપ્રવર્તનરહિતાય શ્રી ક્રિયા-ગુણવતે નમઃ**

૨૧. પ્રાયોગિકક્રિયાપ્રવર્તનરહિતાય શ્રી ક્રિયાગુણવતે નમઃ
૨૨. સામુદાનિકક્રિયાપ્રવર્તનરહિતાય શ્રી ક્રિયાગુણવતે નમઃ
૨૩. પ્રેમપ્રત્યયિકક્રિયાપ્રવર્તનરહિતાય શ્રી ક્રિયાગુણવતે નમઃ
૨૪. દ્વેષપ્રત્યયિકક્રિયાપ્રવર્તનરહિતાય શ્રી ક્રિયાગુણવતે નમઃ
૨૫. ઈરિયાપથિકક્રિયાપ્રવર્તનશુદ્ધાય શ્રી મહામુનયે નમઃ

આ પદનું આરાધન કરવાથી હરિવાહનરાજા તીર્થંકરપદને પામ્યા છે.

# અથ ચતુર્દશ તપ આરાધન વિધિ

**કર્મ ખપાવે ચીકણાં, ભાવ મંગલતપ જાણ;**
**પચાસ લબ્ધિ ઉપજે, જય જય તપ ગુણખાણ.**

આ પદની ૨૦ નવકારવાલી ૐ નમો તવસ્સ એ પદ વડે ગણવી. આ પદના આરાધનનો કાઉસ્સગ્ગ ૧૨ લોગસ્સનો કરવો. આ પદના ખમાસમણ ૧૨ નીચે પ્રમાણે બોલીને આપવા.

૧. શ્રી અણસણાભિધતપોયુકતાય શ્રી બાહ્યતપોગુણાય નમઃ
૨. શ્રી ઉણોદરીતપોયુકતાય શ્રી બાહ્યતપોગુણાય નમઃ
૩. શ્રી વૃત્તિસંક્ષેપઅનેકવિધ અભિગ્રહધરાયશ્રી બાહ્યતપો-ગુણાય નમઃ
૪. શ્રી રસત્યાગરૂપતોયુકતાય શ્રી બાહ્યતપોગુણાય નમઃ
૫. શ્રી કાયક્લેશલોચાદિકષ્ટસહકાય શ્રી બાહ્યતપોગુણાય નમઃ
૬. શ્રી સંલીનતાશરીસંકોચકાય શ્રી બાહ્યતપોગુણાય નમઃ
૭. શ્રી પ્રાયશ્ચિત્તગ્રાહકાય શ્રી અભ્યંતરતપોગુણાય નમઃ
૮. શ્રી વિનયગુણયુકતાય શ્રી અભ્યંતરતપોગુણાય નમઃ
૯. શ્રી વૈયાવચ્ચગુણયુકતાય શ્રી અભ્યંતરતપોગુણાય નમઃ
૧૦. શ્રી સજ્ઝાયધ્યાનયુકતાય શ્રી અભ્યંતરતપોગુણાય નમઃ
૧૧. શ્રી આત્મધ્યાનરૂપ શ્રી અભ્યંતરતપોગુણાય નમઃ

**૧૨. શ્રી કાઉસ્સગ્ગરૂપ શ્રી અભ્યંતરતપોગુણાય નમઃ**

આ પદનું ધ્યાન ઉજ્જવલ વર્ણે કરવું. આ પદનું આરાધન કરવાથી કનકકેતુરાજા તીર્થંકર થયા છે.

## અથ પંચદશ ગોયમ પદ આરાધન વિધિ

**છટ્ઠ છટ્ઠ તપ કરે પારણું, ચઉનાણી ગુણધામ;**
**એ સમ શુભ પાત્ર કો નહીં, નમો નમો ગોયમસ્વામ.**

આ પદની ૨૦ નવકારવાલી ૐ નમો ગોયમસ્સ એ પદ વડે ગણવી. આ પદના આરાધનનો કાઉસ્સગ્ગ ૧૧ લોગસ્સનો કરવો. આ પદના ખમાસમણ ૧૨ નીચે પ્રમાણે બોલીને આપવા.

**૧. ૐ હ્રીઁ શ્રી ગૌતમ ગણધરાય નમઃ**
**૨. ૐ હ્રીઁ શ્રી અગ્નિભૂતિ ગણધરાય નમઃ**
**૩. ૐ હ્રીઁ શ્રી વાયુભૂતિ ગણધરાય નમઃ**
**૪. ૐ હ્રીઁ શ્રી વ્યક્તસ્વામિ ગણધરાય નમઃ**
**૫. ૐ હ્રીઁ શ્રી સુધર્મસ્વામિ ગણધરાય નમઃ**
**૬. ૐ હ્રીઁ શ્રી મંડિતસ્વામિ ગણધરાય નમઃ**
**૭. ૐ હ્રીઁ શ્રી મૌર્યપુત્રસ્વામિ ગણધરાય નમઃ**
**૮. ૐ હ્રીઁ શ્રી અંકપિતસ્વામિ ગણધરાય નમઃ**
**૯. ૐ હ્રીઁ શ્રી અચલભ્રાતૃસ્વામિ ગણધરાય નમઃ**
**૧૦. ૐ હ્રીઁ શ્રી મેતાર્યસ્વામિ ગણધરાય નમઃ**
**૧૧. ૐ હ્રીઁ શ્રી પ્રભાસસ્વામિ ગણધરાય નમઃ**
**૧૨. ૐ હ્રીઁ શ્રી ચતુર્વિંશતિ તીર્થંકરાણાં ચતુર્દશશત-દ્વિપંચાસદ્ ગણધરેભ્યો નમઃ**

આ પદનું આરાધન કરવાથી હરિવાહનરાજા તીર્થંકર પદવી પામ્યા છે.

# અથ ષોડશ જિનપદ આરાધન વિધિ

**દોષ અઢારે ક્ષય ગયા, ઉપના ગુણ જસ અંગ;**
**વૈયાવચ્ચ કરીએ મુદા, નમો નમો જિનપદ સંગ.**

આ પદની ૨૦ નવકારવાલી ૐ નમઃ શ્રી વિદ્યમાન જિનેશ્વરાય નમઃ એ પદ વડે ગણવી. કાઉસ્સગ્ગ ૨૦ લોગસ્સનો કરવો ખમાસમણ ૨૦ નીચે પ્રમાણે બોલીને આપવા.

**૧. શ્રી સીમંધરજિનેશ્વરાય નમઃ**
**૨. શ્રી યુગમંધરજિનેશ્વરાય નમઃ**
**૩. શ્રી બાહુજિનેશ્વરાય નમઃ**
**૪. શ્રી સુબાહુજિનેશ્વરાય નમઃ**
**૫. શ્રી સુજાતજિનેશ્વરાય નમઃ**
**૬. શ્રી સ્વયંપ્રભજિનેશ્વરાય નમઃ**
**૭. શ્રી વૃષભાનનજિનેશ્વરાય નમઃ**
**૮. શ્રી અનંતવીર્યજિનેશ્વરાય નમઃ**
**૯. શ્રી સૂરપ્રભજિનેશ્વરાય નમઃ**
**૧૦. શ્રી વિશાલપ્રભજિનેશ્વરાય નમઃ**
**૧૧. શ્રી વજ્રધરજિનેશ્વરાય નમઃ**
**૧૨. શ્રી ચંદ્રાનનજિનેશ્વરાય નમઃ**
**૧૩. શ્રી ચંદ્રબાહુજિનેશ્વરાય નમઃ**
**૧૪. શ્રી ભુજંગજિનેશ્વરાય નમઃ**
**૧૫. શ્રી ઈશ્વરજિનેશ્વરાય નમઃ**
**૧૬. શ્રી નેમિપ્રભજિનેશ્વરાય નમઃ**
**૧૭. શ્રી વીરસેનજિનેશ્વરાય નમઃ**
**૧૮. શ્રી મહાભદ્રજિનેશ્વરાય નમઃ**
**૧૯. શ્રી દવયશોજિનેશ્વરાય નમઃ**
**૨૦. શ્રી અજિતવીર્યજિનેશ્વરાય નમઃ**

આ પદના આરાધનથી જિમુતકેતુરાજા તીર્થંકરપદ પામેલ છે.

# અથ સપ્તદશ સંયમપદ આરાધન વિધિ

**શુદ્ધાતમ ગુણમેં રમે, તજી ઈન્દ્રિય આશંસ;**
**થિર સમાધિ સંતોષમાં, જય જય સંયમ વંશ.**

આ પદની ૨૦ નવકારવાલી ૐ નમઃ શ્રી સંયમસ્સ સે પદ વડે ગણવી. આ પદના આરાધનનો કાઉસ્સગ્ગ ૧૭ લોગસ્સનો કરવો. આ પદના ખમાસમણ ૧૭ નીચે પ્રમાણે બોલીને આપવા.

**૧. સર્વતઃપ્રાણાતિપાતવિરતાય શ્રી સંયમધરાય નમઃ**
**૨. સર્વતઃમૃષાવાદવિરતાય શ્રી સંયમધરાય નમઃ**
**૩. સર્વતઃઅદત્તાદાનવિરતાય શ્રી સંયમધરાય નમઃ**
**૪. સર્વતઃમૈથુનવિરતાય શ્રી સંયમધરાય નમઃ**
**૫. સર્વતઃપરિગ્રહવિરતાય શ્રી સંયમધરાય નમઃ**
**૬. સર્વતઃ રાત્રિભોજનવિરમણવ્રતધરાય શ્રી સંયમધરાય નમઃ**
**૭. ઈરિયાસમિતિયુક્તાય શ્રી સંયમધરાય નમઃ**
**૮. ભાષાસમિતિયુક્તાય શ્રી સંયમધરાય નમઃ**
**૯. એષણાસમિતિયુક્તાય શ્રી સંયમધરાય નમઃ**
**૧૦. આદાનભંડમત્તનિક્ખેવણાસમિતિયુક્તાય શ્રી સંયમધરાય નમઃ**
**૧૧. પારિષ્ઠાપનિકાસમિતિયુક્તાય શ્રી સંયમધરાય નમઃ**
**૧૨. મનોગુપ્તિયુક્તાય શ્રી સંયમધરાય નમઃ**
**૧૩. વચનગુપ્તિયુક્તાય શ્રી સંયમધરાય નમઃ**
**૧૪. કાયગુપ્તિયુક્તાય શ્રી સંયમધરાય નમઃ**
**૧૫. મનોદંડરહિતાય શ્રી સંયમધરાય નમઃ**
**૧૬. વચનદંડરહિતાય શ્રી સંયમધરાય નમઃ**
**૧૭. કાયદંડરહિતાય શ્રી સંયમધરાય નમઃ**

આ પદનું આરાધન કરવાથી પુરંદરરાજા તીર્થંકર થયા છે.

# અષ્ટાદશ અભિનવજ્ઞાન પદ આરાધન વિધિ

**જ્ઞાનવૃક્ષ સેવો ભવિક, ચરિત્ર સમકિત મૂલ;**
**અજર અમરપદ ફલ લહો, જિનવર પદવી ફૂલ.**

આ પદની ૨૦ નવકારવાલી ૐ નમઃ અભિનવનાણસ્સ એ પદ વડે ગણાવી. આ પદના આરાધનનો કાઉસ્સગ્ગ ૫ અથવા ૫૧ લોગસ્સનો કરવો. આ પદના ખમાસમણ ૫૧ નીચે પ્રમાણે બોલીને આપવા.

**૧. શ્રી આચારાંગસૂત્ર શ્રુતજ્ઞાનાય નમઃ**
**૨. શ્રી સૂયગડાંગસૂત્ર શ્રુતજ્ઞાનાય નમઃ**
**૩. શ્રી સ્થાનાંગસૂત્ર શ્રુતજ્ઞાનાય નમઃ**
**૪. શ્રઈ સમવાયાંગસૂત્ર શ્રુતજ્ઞાનાય નમઃ**
**૫. શ્રી ભગવતીસૂત્ર શ્રુતજ્ઞાનાય નમઃ**
**૬. શ્રી જ્ઞાતાધર્મકથાંગસૂત્ર શ્રુતજ્ઞાનાય નમઃ**
**૭. શ્રી ઉપાસકદશાંકસૂત્ર શ્રુતજ્ઞાનાય નમઃ**
**૮. શ્રી અંતગડદશાંગસૂત્ર શ્રુતજ્ઞાનાય નમઃ**
**૯. શ્રી અનુત્તરોવવાઈઅંગસૂત્ર શ્રુતજ્ઞાનાય નમઃ**
**૧૦. શ્રી પ્રશ્નવ્યાકરણાંગસૂત્ર શ્રુતજ્ઞાનાય નમઃ**
**૧૧. શ્રી વિપાકાંગસૂત્ર શ્રુતજ્ઞાનાય નમઃ**
**૧૨. શ્રી ઉવવાઈઉપાંગસૂત્ર શ્રુતજ્ઞાનાય નમઃ**
**૧૩. શ્રી રાયપસેણીઉપાંગસૂત્ર શ્રુતજ્ઞાનાય નમઃ**
**૧૪. શ્રી જીવાભિગમઉપાંગસૂત્ર શ્રુતજ્ઞાનાય નમઃ**
**૧૫. શ્રી પન્નવણાઉપાંગસૂત્ર શ્રુતજ્ઞાનાય નમઃ**
**૧૬. શ્રી જંબૂદ્વીપપન્નતિઉપાંગસૂત્ર શ્રુતજ્ઞાનાય નમઃ**
**૧૭. શ્રી ચંદપન્નત્તિઉપાંગસૂત્ર શ્રુતજ્ઞાનાય નમઃ**
**૧૮. શ્રી સૂરપન્નતિઉપાંગસૂત્ર શ્રુતજ્ઞાનાય નમઃ**
**૧૯. શ્રી નિરયાવલિ ઉપાંગસૂત્ર શ્રુતજ્ઞાનાય નમઃ**

૨૦. શ્રી પુષ્ફિયાઉપાંગસૂત્ર શ્રુતજ્ઞાનાય નમઃ
૨૧. શ્રી પુપ્ફચૂલિયાઉપાંગસૂત્ર શ્રુતજ્ઞાનાય નમઃ
૨૨. શ્રી કપ્પિયાઉપાંગસૂત્ર શ્રુતજ્ઞાનાય નમઃ
૨૩. શ્રી વન્હિદશાઉપાંગસૂત્ર શ્રુતજ્ઞાનાય નમઃ
૨૪. શ્રી ચઉસરણપયન્નાસૂત્ર શ્રુતજ્ઞાનાય નમઃ
૨૫. શ્રી આઉરપચ્ચક્‌ખાણપયન્નાસૂત્ર શ્રુતજ્ઞાનાય નમઃ
૨૬. શ્રી મહાપચ્ચક્‌ખાણપયન્નાસૂત્ર શ્રુતજ્ઞાનાય નમઃ
૨૭. શ્રી ભત્તપરિજ્ઞાપયન્નાસૂત્ર શ્રુતજ્ઞાનાય નમઃ
૨૮. શ્રી તંદુલવિયાલિપયન્નાસૂત્ર શ્રુતજ્ઞાનાય નમઃ
૨૯. શ્રી ચંદાવિજયપયન્નાસૂત્ર શ્રુતજ્ઞાનાય નમઃ
૩૦. શ્રી ગણિવિજ્જાપયન્નાસૂત્ર શ્રુતજ્ઞાનાય નમઃ
૩૧. શ્રી મરણસમાહિપયન્નાસૂત્ર શ્રુતજ્ઞાનાય નમઃ
૩૨. શ્રી સંથારાપયન્નાસૂત્ર શ્રુતજ્ઞાનાય નમઃ
૩૩. શ્રી દેવેન્દ્રસ્તવપયન્નાસૂત્ર શ્રુતજ્ઞાનાય નમઃ
૩૪. શ્રી દશવૈકાલિકમૂલસૂત્ર શ્રુતજ્ઞાનાય નમઃ
૩૫. શ્રી આવશ્યકમૂલસૂત્ર શ્રુતજ્ઞાનાય નમઃ
૩૬. શ્રી પિંડનિર્યુક્તિમૂલસૂત્ર શ્રુતજ્ઞાંનાય નમઃ
૩૭. શ્રી ઉત્તરાધ્યયનમૂલસૂત્ર શ્રુતજ્ઞાનાય નમઃ
૩૮. શ્રી નિશીથછેદસૂત્ર શ્રુતજ્ઞાનાય નમઃ
૩૯. શ્રી બૃહત્કલ્પછેદસૂત્ર શ્રુતજ્ઞાનાય નમઃ
૪૦. શ્રી વ્યવહારછેદસૂત્ર શ્રુતજ્ઞાનાય નમઃ
૪૧. શ્રી પંચકલ્પછેદસૂત્ર શ્રુતજ્ઞાનાય નમઃ
૪૨. શ્રી જીતકલ્પછેદસૂત્ર શ્રુતજ્ઞાનાય નમઃ
૪૩. શ્રી મહાનિશીથછેદસૂત્ર શ્રુતજ્ઞાનાય નમઃ
૪૪. શ્રી નંદીસૂત્ર શ્રુતજ્ઞાનાય નમઃ
૪૫. શ્રી અનુયોગદ્વારસૂત્ર શ્રુતજ્ઞાનાય નમઃ
૪૬. શ્રી સ્યાદસ્તિભંગપ્રરૂપકાય સ્યાદ્વાદ શ્રુતજ્ઞાનાય નમઃ

**૪૭. શ્રી સ્યાદનાસ્તિભંગપ્રરૂપકાય સ્યાદ્વાદ શ્રુતજ્ઞાનાય નમઃ**
**૪૮. શ્રી સ્યાદસ્તિનાસ્તિભંગપ્રરૂપકાય સ્યાદ્વાદ શ્રુતજ્ઞાનાય નમઃ**
**૪૯. શ્રી સ્યાદસ્તિઅવક્તવ્યભંગપ્રરૂપકાય સ્યાદ્વાદ શ્રુતજ્ઞાનાય નમઃ**
**૫૦. શ્રી સ્યાદનાસ્તિઅવક્તવ્યભંગપ્રરૂપકાય સ્યાદ્વાદ શ્રુતજ્ઞાનાય નમઃ**
**૫૧. શ્રી સ્યાદસ્તિનાસ્તિઅવકતવ્યભંગપ્રરૂપકાય સ્યાદ્વાદ શ્રુતજ્ઞાનાય નમઃ**

આ પદના આરાધનથી સાગરચંદ્ર તીર્થંકર પદ પામેલ છે.

આ પદની મહત્ત્વતાસૂચક નીચે જણાવેલ પાંચ ગાથાઓ ગુરુમુખથી સાંભળીને તેનો અર્થ નીચે લખ્યો છે. તે વિચારવો.

सूत्रस्यार्थोभयस्याप्य-पूर्वस्यापि प्रयत्नतः ।
अन्वहं यदुपादानं, स्थानमष्टादशं हि तत् ॥१॥
नाणेण सव्वभावा, बुज्जंति सुहुमबायरा लो ।
तम्हा नाणकुसलेण, सिक्खअव्वं पयत्तेण ॥२॥
अपूर्वज्ञानग्रहण, महती कर्मनिर्जरा ।
सम्यग्दर्शननैर्मल्यात्, कृत्वा तत्त्वप्रबोधनं ॥३॥
छट्ठट्ठमदसमदुवालसेहिं, अबहुसुअस्स जा सोही ।
इत्तो अ अणंतगुणा, सोही जिमियस्स नाणिस्स ॥४॥
अपूर्वज्ञानग्रहणात्तीर्थकृत्पदमुत्तमं ।
लभते भावनायोगे, प्राणि सागरचंद्रवतच्च ॥५॥

અર્થ - સૂત્રનું અર્થનું અને તે બંનેનું પણ જે અપૂર્વનું પ્રયત્ન વડે નિરંતર ગ્રહણ કરવું. તે અઢારમું અભિનવ જ્ઞાનગ્રહણ પદ છે. ૧. જ્ઞાનવડે લોકમાં રહેલા સૂક્ષ્મ બાદર સર્વ ભાવ જાણી શકાય છે. તેથી જ્ઞાનકુશળ એવા મનુષ્યે અવશ્ય પ્રયત્નવડે નવું નવું જ્ઞાન ગ્રહણ કરવું. ૨. અપૂર્વ જ્ઞાન ગ્રહણ કરવાથી મોટી કર્મની નિર્જરા થાય છે, વળી સમ્યગ્દર્શનનું નિર્મલપણું થવાથી તત્ત્વનો પ્રબોધ પણ થાય છે. ૩. છટ્ઠ-અટ્ઠમ દશમ અને દુવાલસ વિગેરે તપ

કરવાથી આ બહુશ્રુતની જેટલી આત્મશુદ્ધિ થાય છે, તે કરતાં દરરોજ જમનારા જ્ઞાનીની અનંતગુણી શુદ્ધિ પાનના બળથી થાય છે. ૪. અપૂર્વજ્ઞાન ગ્રહણ કરવાથી શુભ ભાવનાના યોગવડે પ્રાણી સાગરચંદ્રની જેમ તીર્થંકરપદને પ્રાપ્ત કરે છે. ૫.

## એકોનવિંશતિતમ શ્રુતપદ આરાધન વિધિ

**વકતા શ્રોતા યોગથી, શ્રુત અનુભવ રસ પીન;**
**ધ્યાતા ધ્યેયની એકતા, જય જય શ્રુત સુખલીન.**

આ પદની મહત્ત્વતાને અંગે શાસ્ત્રકાર કહે છે કે-

सज्ज्ञानोद् भासनेना-वर्णवादच्छिदादिना ।
श्रुतज्ञानस्य यद् भक्तिः स्थानमेकोनविंशतिः ।।१।।

अत्थं भासइ अरिहा, सुत्तं गुंथंति गणहरा निउणो ।
सासणस्स हियट्ठाए, तओ सुत्तं पवत्तेइ ।।२।।

सव्वंगपय तिकोडी लक्खा अडसट्ठी सहस बायाला ।
उसग्गि अववाइय, इच्चाइ भेया अमियगुणा ।।३।।

पापस्यौषधं शास्त्रं, शास्त्रं पुण्य निबन्धनं ।
चक्षुः सर्वगतं शास्त्रं, शास्त्रं सर्वार्थसाधनम् ।।४।।

ઉપર જણાવેલી ચાર ગાથાનો અર્થ નીચે પ્રમાણે વિચારવો.

અર્થ-સદ્જ્ઞાનના ઉદ્ભાસનવડે અવર્ણવાદ છેદવા વિગેરેથી શ્રુતજ્ઞાનની જે ભકિત કરવામાં આવે છે તે ઓગણીસમું પદ છે. ૧.

અર્થને અરિહંત પરમાત્મા કહે છે અને તે ઉપરથી નિપુણ એવા ગણધરો સૂત્ર ગુંથે છે. ત્યાર પછી શાસનના હિતને માટે સૂત્રની પ્રવૃત્તિ થાય છે. ૨.

અગ્યાર અંગના સર્વ પદો ત્રણ ક્રોડ, અડસઠલાખ, બેંતાલીસ હજાર છે, તેના ઉત્સર્ગને અપવાદ વગેરે ભેદો અમિત-અત્યંત ગુણવાળા છે. ૩.

શાસ્ત્ર પાપને નિવારવાનું ઔષધ છે, શાસ્ત્ર પુણ્યબંધનું કારણ છે. શાસ્ત્ર સર્વગત ચક્ષુ છે અને શાસ્ત્ર સર્વ અર્થને સાધી આપનાર છે. ૪.

આ પદની ૨૦ નવકારવાલી 'ૐ નમો સુઅસ્સ' એ પદ વડે ગણવી.

આ પદના આરાધન માટે ૨૦ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો.

આ પદના ખમાસમણ ૨૦ નીચે પ્રમાણે બોલીને આપવા.

**૧. શ્રી પર્યાયશ્રુતજ્ઞાનાય નમઃ**
**૨. શ્રી પર્યાયસમાસ શ્રુતજ્ઞાનાય નમઃ**
**૩. શ્રી અક્ષરશ્રુતજ્ઞાનાય નમઃ**
**૪. શ્રી અનક્ષરશ્રુતજ્ઞાનાય નમઃ**
**૫. શ્રી પદશ્રુતજ્ઞાનાય નમઃ**
**૬. શ્રી પદસમાસશ્રુતજ્ઞાનાય નમઃ**
**૭. શ્રી સંઘાતશ્રુતજ્ઞાનાય નમઃ**
**૮. શ્રી સંઘાતસમાસશ્રુતજ્ઞાનાય નમઃ**
**૯. શ્રી પ્રતિપત્તિશ્રુતજ્ઞાનાય નમઃ**
**૧૦. શ્રી પ્રતિપત્તિસમાસશ્રુતજ્ઞાનાય નમઃ**
**૧૧. શ્રી અનુયોગશ્રુતજ્ઞાનાય નમઃ**
**૧૨. શ્રી અનુયોગસમાસશ્રુતજ્ઞાનાય નમઃ**
**૧૩. શ્રી પાહુડપાહુડશ્રુતજ્ઞાનાય નમઃ**
**૧૪. શ્રી પાહુડપાહુડસમાસશ્રુતજ્ઞાનાય નમઃ**
**૧૫. શ્રી પાહુડશ્રુતજ્ઞાનાય નમઃ**
**૧૬. શ્રી પાહુડસમાસશ્રુતજ્ઞાનાય નમઃ**
**૧૭. શ્રી વસ્તુશ્રુતજ્ઞાનાય નમઃ**

**૧૮. શ્રી વસ્તુસમાસશ્રુતજ્ઞાનાય નમઃ**
**૧૯. શ્રી પૂર્વશ્રુતજ્ઞાનાય નમઃ**
**૨૦. શ્રી પૂર્વસમાસશ્રુતજ્ઞાનાય નમઃ**

આ પદનું શુભ ભાવ વડે આરાધન કરવાથી રત્નચૂડ તીર્થંકરપદ પામ્યા છે.

શ્રુતજ્ઞાનના મહત્ત્વને અંગે કહે છે કે-એક પદ ૧૬૩૪૬૮૦૭=૮૦ અક્ષરોનું થાય છે. તેવા પદો ગણધર મહારાજના ગુંથેલા અગ્યાર અંગના ૩,૬૮,૪૬,૦૦૦ છે. બારમા અંગનો પાર તો ગણધર મહારાજા સિવાય કોઈ પામી શકતું નથી. તેથી ગણિપિટક કહેવાય છે. એ બારમા અંગમાં આવેલા ૧૪ પૂર્વમાં નીચે પ્રમાણે અધિકાર છે.

**૧. પહેલું ઉત્પાદ નામે પૂર્વ એક ક્રોડ પદપ્રમાણ છે. તેમાં સર્વ દ્રવ્યના ઉત્પાદ, વ્યય ને ધ્રૌવ્યપણાનું સ્વરૂપ બતાવેલું છે.**
**૨. બીજું આગ્રાયણી પૂર્વ ૧૬ લાખ પદપ્રમાણ છે. તેમાં સર્વ પ્રકારના બીજની કુલ સંખ્યા છે.**
**૩. ત્રીજું વીર્યપ્રવાદ પૂર્વ ૭૦ લાખ પદપ્રમાણ છે. તેમાં વીર્ય જે બલ-પ્રયત્ન તેનો અર્થ અને વીર્યવંતનું સ્વરૂપ કહેલું છે.**
**૪. ચોથું અસ્તિનાસ્તિ પ્રવાદ પૂર્વ ૬૦ લાખ પદપ્રમાણ છે. તેમાં કુલ અસ્તિનાસ્તિ સ્વભાવરૂપ સપ્તભંગી ને સ્યાદ્વાદનું સ્વરૂપ બતાવેલું છે.**
**૫. પાંચમું જ્ઞાનપ્રવાદ પૂર્વ એકે ઉણા ક્રોડ પદપ્રમાણ છે. તેમાં મતિ વિગેરે પાંચે જ્ઞાનનું સ્વરૂપ બતાવેલું છે.**
**૬. છટ્ઠું સત્યપ્રવાદ પૂર્વ એક ક્રોડ ને છ પદપ્રમાણ છે. તેમાં સત્યાદિ ભાષાનું સ્વરૂપ અને ભાષ્ય-ભાષક તેમજ વાચ્યવાચકનું સ્વરૂપ કહેલું છે.**
**૭. સાતમું આત્મપ્રવાદ પૂર્વ છવ્વીશ ક્રોડ પદપ્રમાણ છે. તેમાં આત્મ-દ્રવ્યનું કર્તૃત્વ, લોકતૃત્વ, વ્યાપકૃત્વ નિત્ય,**

અનિત્યાદિ સ્વરૂપ કહેલું છે.

૮. આઠમું કર્મપ્રવાદ પૂર્વ એક ક્રોડ ને એંસી લાખ પદપ્રમાણ છે. તેમાં આઠે કર્મોના બંધ, ઉદય, ઉદીરણા વગેરેનું સ્વરૂપ છે.

૯. નવમું પચ્ચક્ખાણ પ્રવાદ પૂર્વ ૮૪ લાખ પદપ્રમાણ છે. તેમાં સર્વ પ્રકારના પચ્ચક્ખાણોનું સ્વરૂપ દ્રવ્ય, ભાવ નિશ્ચય, વ્યવહારથી બતાવેલું છે. તેની ઉપાદેય પ્રમુખ સર્વ શૈલી બતાવી છે.

૧૦. દશમું વિદ્યાપ્રવાદ પૂર્વ એક ક્રોડ ને દશ હજાર પદપ્રમાણ છે. તેમાં ગુરુ-લઘુ અંગુષ્ટ અને સેના નામે વિદ્યાઓનું તેમજ રોહિણી પ્રમુખ ૫૦૦ મહાવિદ્યાઓનું સ્વરૂપ બતાવેલું છે.

૧૧. અગ્યારમું કલ્યાણપ્રવાદ પૂર્વ છવ્વીશ ક્રોડ પદપ્રમાણ છે. તેમાં સર્વ જ્યોતિષશાત્રનું સ્વરૂપ;, ત્રેસઠશલાકાપુરુષોનું સ્વરૂપ, ચાર પ્રકારના દેવોનું સ્વરૂપ અને પુણ્યના ફલનું સ્વરૂપ બતાવેલું છે.

૧૨. બારમું પ્રાણાવાય પૂર્વ એક ક્રોડ ને છપ્પન લાખ પદપ્રમાણ છે. તેમાં આયુર્વેદાદિ આઠ પ્રકારની ચિકિત્સા, પ્રાણ, અપાન, ઉદાનાદિ વાયુનું સ્વરૂપ તથા પંચ મહાભૂતનું સ્વરૂપ અને પ્રાણાયામાદિ યોગનું સ્વરૂપ બતાવેલું છે.

૧૩. તેરમું ક્રિયાવિશાલ પૂર્વ નવ ક્રોડ પદપ્રમાણ છે. તેમાં છંદશાસ્ત્ર, શબ્દશાસ્ત્ર, વ્યાકરણ, સર્વશિલ્પ સર્વ જાતિની કલા, સર્વ ગુણ જે તાત્ત્વિક ઉપાધિરૂપ છે તેનું સ્વરૂપ બતાવેલું છે.

૧૪. ચૌદમું લોકબિંદુસાર પૂર્વ બારક્રોડ ને પચાસ લાખ પદપ્રમાણ છે. કર્મગ્રંથના અભિપ્રાયે સાડા બાર લાખ પદપ્રમાણ છે. (તત્ત્વકેવલીગમ્ય) તે છ આરા વિગેરે કાલનું સ્વરૂપ અષ્ટ વ્યવહાર વિધિ, સર્વ વસ્તુના પરિકર્મ અને નિઃશેષ શ્રુતસંપદાથી ભરપૂર છે.

આ ચૌદ પૂર્વથી ચાર ગણો અધિકાર દૃષ્ટિવાદના બીજા ભાગમાં છે, એ શ્રુતજલધિ સ્યાદ્વાદ શૈલીથી ભરેલો છે, તેમાં ૪

અનુયોગદ્વાર, ૭ મૂલ નય, તેના ૭૦૦ ઉત્તરભેદ, પ્રમાણ દ્રવ્યપ્રમાણાંતર અનેક નિક્ષેપા અને સપ્તભંગી વિગેરેનું સ્વરૂપ બતાવેલું છે, એનું સ્વરૂપ કહેતા પાર આવે તેમ નથી. એ જૈનાગમ શ્રુતજલધિ ગુણરત્નોથી ભરેલો છે, તેમાં બતાવેલી આજ્ઞા અમારે પ્રમાણ છે. તે શ્રુતને અમારી ત્રિકાલ વંદના હો.

## વીશમા તીર્થપદના આરાધનની વિધિ

**તીર્થયાત્રા પ્રભાવ છે, શાસન ઉન્નતિ કાજ;**

**પરમાનંદ વિલાસતા, જય જય તીર્થ જહાજ.**

આ પદની ૨૦ નવકારવાલી 'ૐ નમો તિત્થસ્સ' એ પદ વડે ગણવી. આ પદની આરાધના માટે ૩૮ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો. આ પદના ખમાસમણ ૩૮ નીચે પ્રમાણે બોલીને આપવા.

**૧. સર્વથાપ્રાણાતિપાતવિરતિવંત શ્રી સાધુતીર્થગુણાય નમઃ**
**૨. સર્વથામૃષાવાદવિરમણવંત શ્રી સાધુતીર્થગુણાય નમઃ**
**૩. સર્વથાઅદત્તાદાનવિરમણવંત શ્રી સાધુતીર્થગુણાય નમઃ**
**૪. સર્વથામૈથુનત્યાગવંત શ્રી સાધુતીર્થગુણાય નમઃ**
**૫. સર્વથાપરિગ્રહત્યાગવંત શ્રી સાધુતીર્થગુણાય નમઃ**
**૬. સમસ્તપૃથ્વીકાયજીવરક્ષકાય શ્રી સાધુતીર્થગુણાય નમઃ**
**૭. સમસ્તઅપ્કાયજીવરક્ષકાય શ્રી સાધુતીર્થગુણાય નમઃ**
**૮. સમસ્તતેજસ્કાયજીવરક્ષકાય શ્રી સાધુતીર્થગુણાય નમઃ**
**૯. સમસ્તવાયુકાયજીવરક્ષકાય શ્રી સાધુતીર્થગુણાય નમઃ**
**૧૦. સમસ્તવનસ્પતિજીવરક્ષકાય શ્રી સાધુતીર્થગુણાય નમઃ**
**૧૧. સમસ્તત્રસકાયજીવરક્ષકાય શ્રી સાધુતીર્થગુણાય નમઃ**
**૧૨. સર્વથાક્રોધદોષરહિતાય શ્રી સાધુતીર્થગુણાય નમઃ**
**૧૩. સર્વથામાનદોષરહિતાય શ્રી સાધુતીર્થગુણાય નમઃ**
**૧૪. સર્વથામાયાદોષરહિતાય શ્રી સાધુતીર્થગુણાય નમઃ**
**૧૫. સર્વથાલોભદોષરહિતાય શ્રી સાધુતીર્થગુણાય નમઃ**

૧૬. સર્વથારાગાંશદોષરહિતાય શ્રી સાધુતીર્થગુણાય નમઃ
૧૭. સર્વથાદ્વેષાંશદોષરહિતાય શ્રી સાધુતીર્થગુણાય નમઃ
૧૮. સર્વ સમ્યક્ત્વગુણજનની લજ્જાગુણયુક્તાય દેશવિરતિરૂપ શ્રી તીર્થગુણાય નમઃ
૧૯. દયાગુણયુકતાય દેશવિરતિરૂપ શ્રી તીર્થગુણાય નમઃ
૨૦. કુમતિકદાગ્રહકુયુક્તિ પક્ષપાતરહિતાય મધ્યસ્થગુણ-યુક્તાય શ્રી દેશવિરતિરૂપ શ્રી તીર્થ ગુણાય નમઃ
૨૧. સર્વમનવચનકાયૈઃક્રૂરતાદોષરહિતાયસૌમ્ય ગુણયુકતાય શ્રી દેશવિરતિરૂપ શ્રી તીર્થ ગુણાય નમઃ
૨૨. વિદ્વાન્સર્વસમ્યગ્ગુણરાગરૂપ દેશવિરતિરૂપ શ્રીતીર્થ-ગુણાય નમઃ
૨૩. ક્ષુદ્રતાતુચ્છતા દોષરહિત અતિગંભીર ઉદારતાગુણ-સહિત સ્વપર ભેદરહિત પરજન આદિ સર્વ જનોપકારિ શ્રીદેશવિરતિરૂપ શ્રીતીર્થગુણાય નમઃ
૨૪. પૂર્વભવકૃતદયાધર્મફલેન સર્વજનદર્શનીય સર્વાંગોપાંગ સંપૂર્ણાંગ શુદ્ધ સંઘયણિ ધર્મ પ્રભાવક દેશવિરતિ શ્રી તીર્થગુણાય નમઃ
૨૫. પાપકર્મવર્જિત જગન્મિત્ર સુખોપાસનીય સૌમ્યપ્રકૃતિ શ્રી દેશવિરતિરૂપ શ્રી તીર્થગુણાય નમઃ
૨૬. દ્રવ્યક્ષેત્રકાલભાવૈઃ લોકવિરુદ્ધ ધર્મવિરૂદ્ધવર્જનરૂપ શ્રી દેશવિરતિરૂપ શ્રી તીર્થગુણાય નમઃ
૨૭. મલિનક્લિષ્ટક્રૂરતાદોષરહિતસદય મનોજ્ઞરૂપ શ્રી દેશવિરતિરૂપ શ્રી તીર્થગુણાય નમઃ
૨૮. ઈહપરલોકાપાયદાયક રાગ, દ્વેષ, શોક, જન્મ, જરા, મરણ, દુર્ગતિપાતનરૂપ અડસઠ લૌકિક તીર્થવર્જક શ્રી દેશવિરતિરૂપ શ્રી તીર્થગુણાય નમઃ
૨૯. સર્વજનાવંચક વિશ્વસનીય પ્રશંસનીય ભાવૈક સર્વજનધર્મોધમકારિ શ્રી દેશવિરતિરૂપ શ્રી તીર્થગુણાય નમઃ

૩૦. સ્વકાર્યગૌણગણક પરકાર્યમુખ્યકર સાધક સર્વજન ઉપાદેયવચનરૂપ દાક્ષિણ્યવાન્ શ્રી દેશવિરતિ શ્રી તીર્થગુણાય નમઃ

૩૧. યથાતથ્યધર્મજ્ઞાપક પરવિષયઅદ્વેષપ્રકૃતિ અનર્થ વર્જક સૌમ્યરૂપદષ્ટિમધ્યસ્થ શ્રી દેશવિરતિ શ્રી તીર્થગુણાય નમઃ

૩૨. શ્રી ધર્મતત્ત્વજ્ઞાપક શુભકથાકથક વિવેકગુણોદીપક અશુભકથાવર્જક શ્રી દેશવિરતિ શ્રી તીર્થગુણાય નમઃ

૩૩. આપ્તધર્મશીલ પરિવાર કુટુંબ અનુકુલ વિઘ્નરહિત-ધર્મસાધને સાહાય્યકારિ સુપક્ષિ શ્રી દેશવિરતિ શ્રી તીર્થગુણાય નમઃ

૩૪. અતીતાનાગતવર્તમાનહેતુકારણકાર્યદર્શિસર્વથા સ્વહિતકાર્યકરણરૂપ દીર્ઘદર્શિ શ્રી દેશવિરતિ શ્રી તીર્થગુણાય નમઃ

૩૫. સર્વ પદાર્થગુણદોષજ્ઞાયક સુસંગિ વિશેષજ્ઞ દેશવિરતિ શ્રી તીર્થગુણાય નમઃ

૩૬. વૃદ્ધપરંપરાજ્ઞાયક સુસંગતિરૂપ વૃદ્ધાનુગામિ શ્રી દેશવિરતિ શ્રી તીર્થગુણાય નમઃ

૩૭. સર્વગુણમૂલ રત્નત્રયી તત્ત્વત્રયશુદ્ધિપ્રાપકવિનયરૂપ શ્રી દેશવિરતિ શ્રી તીર્થગુણાય નમઃ

૩૮. શ્રીધર્માચાર્યસ્ય બહુમાનકર્તાસ્વલ્પમપિ ઉપકારકા-રિભ્યો અવિસ્મારક પરોપકારકરણતત્પર કૃતજ્ઞ સદાપરહિતો-પદેશકરણશીલ શ્રી દેશવિરતિ શ્રી તીર્થગુણાય નમઃ

આ પદનું આરાધન કરવાથી મેરુપ્રભ તીર્થંકર થયા છે.

વીશમા પદની આરાધના કરીને જૈન તીર્થોની યાત્રા, શ્રી સંઘપૂજા, સ્વામિવાત્સલ્ય, તીર્થોદ્ધાર, રથયાત્રા, દીનદુઃસ્થિત અનાથાદિ સુખીકરણ વિગેરે કાર્યો કરીને જૈનશાસનની ઉન્નતિ કરવી, જૈનધર્મને દીપાવવો.

આ વીશમું પદ શાસનને દીપાવવાના નિમિત્તનું છે. શાસનને આઠ પ્રભાવકો દીપાવે છે, તેથી વિદ્યા નિમિત્ત, કવિતા, વાદ અને ધર્મકથાદિ વડે શાસનની પ્રભાવના કરવી. તે વીસમું પદ કહેવાય છે. તીર્થની પ્રભાવના કરવા વડે પ્રાણી અલબ્ધપૂર્વ એવો વૈભવ પામે છે અને દેવેન્દ્રને પૂજ્ય થાય છે. જેમ પૂર્વે દશારસિંહ, કૃષ્ટ અને શ્રેણિકરાજા થયા છે. ઉત્કૃષ્ટ ફલને પામ્યા છે.

ઉપર પ્રમાણે વીશે પદની આરાધના કરીને પ્રાંતે યથાશક્તિ ઉજમણું કરવું. કે જે દેખીને અનેક જીવો ધર્મ પામે, આ પ્રમાણે ધર્મને દીપાવનાર થોડા કાળમાં પોતાનાં સર્વકર્મો ખપાવીને મોક્ષ મહેલમાં બિરાજમાન થાય છે. અનંત સુખનું ભાજન થાય છે.

# શ્રી વીશસ્થાનક તપ ઉજમણાની વિગત

શક્તિ હોય તો ૨૦ નવા દેરાસર બંધાવવાં. શક્તિ હોય તો ૨૦ જીર્ણોદ્ધાર કરાવવા, શક્તિવાને નીચે જણાવેલી દરેક વસ્તુ ૨૦-૨૦ મૂકવી.

## ઉજમણામાં મૂકવાની વસ્તુઓ

(દેરાસરને લગતા ઉપકરણો)

થાલ, રકાબી, વાટકી, સુખડના કકડા, કેસર-બરાસના પડીકાં, ઓરશીયા, જિનબિંબ નવા, વીશસ્થાનકના ગટ્ટા, સિદ્ધચક્રના ગટ્ટા, મોરપીંછી, થાલી, દીવી, કાનસ, ધૂપણા, દંડાસણ, કલશ, કલશા, પ્યાલા, સિંહાસન, બાજોઠના ત્રિક, ઘંટ, ઝાલર, ઘંટડી, ત્રાંબાકુંડી, આરતી, મંગલદીવા, પંઠીઆ, ચંદરવા, તોરણ, ધોતિઆં, ઉત્તરાસણ, મુખકોષ, અંગલુહણાં, પાટલુહણા, જડેલા તિલક, મુકુટ, આભરણો, વાળાકુંચી, નવકારવાલી, આચમની, અષ્ટમંગલિક સોનાના વરખની અને રૂપાના વરખની થોકડીઓ, વાસકુંપી, ચામર, છત્રની ત્રિકો, દવજા, હાંડા, અગરબત્તીનાં પડીકાં, અગરના પડીકાં, પાટલા, બાજોઠી વિગેરે.

## જ્ઞાનના ઉપકરણો

શક્તિ હોય તો ધર્મશાળાઓ અથવા ઉપાશ્રયો ૨૦ કરાવવા, સ્થાપનાચાર્ય ઠવણી, સાપડી, બાજોઠી, પુસ્તક, પાઠાં, ચાબખી, કવલી, ચંદરવા, પુંઠીઆ, તોરણ, રૂમાલ, ચાકૂ, કાતર, લેખણ, ખડીઆ, પાંચ પદની ટીપ, નવપદની ટીપ, પાટી, પુસ્તકના ડાબડા વિગેરે, શક્તિવાને ૨૦ ભંડાર કરાવવા.

## ચારિત્રના ઉપકરણો

કટાસણાં, મુહપત્તિ, ચરવલી, ચોલપટા, કપડા, કામલી ખભાની, ડંડાસણ, સુપડી, ડાંડા, જોલી, પડલા, પાતરા, તરપણી, ઠવણી, સંથારીઆ નવકારવાલીની ડાબડી, સ્થાપનાચાર્યના ડાબડાં, કંદોરા માટે દોરા વિગેરે.

# અથ વીશસ્થાનકનું ચૈત્યવંદન

પહેલે પદે [૧]અરિહંતનમું, બીજે સર્વ સિદ્ધ,
ત્રીજે [૩]પ્રવચન મન, ધરો [૪]આચારજ પ્રસિદ્ધ. ૧

નમો [૫]થેરાણં પાંચમે, [૬]પાઠક ગણ છટ્ઠે,
નમો લોએ [૭]સવ્વસાહૂણં, જે છે ગુણ ગરિટ્ઠે. ૨

નમો નાણસ્સ[૮] આઠમે, [૯]દર્શન મન ભાવો,
વિનય[૧૦] કરો ગુણવંતનો, [૧૧]ચારિત્ર પદ ધ્યાવો. ૩

નમો બંભવયધારિ[૧૨]ણં, તેરમે કિરયાણં[૧૩],
નમો [૧૪]તવસ્સ ચૌદમે, ગોયમ[૧૫] નમો [૧૬]જિણાણં. ૪

[૧૭]ચારિત્ર [૧૮]જ્ઞાન [૧૯]સુઅસ્સને, એ નમો [૨૦]તિત્થસ્સજાણી,
જિન ઉત્તમ પદ પદ્મને, નમતાં હોય સુખખાણી. ૫

# અથ વીશસ્થાનકતપના કાઉસ્સગ્ગનું ચૈત્યવંદન

ચોવીશ પન્નર પીસ્તાલીશનો, છત્રીશનો કરિયે,
દશ પચીશ સત્તાવીશનો, કાઉસ્સગ્ગ મનધરિયે. ૧
પંચ સડસટ્ઠિ દશ વલી, સિત્તેર નવ પણવીશ,
બાર અડવીશ લોગસ્સ તણો, કાઉસ્સગ્ગ ધરો ગુણીશ. ૨
વીશ સત્તર એકાવન્ન, દ્વાદશ ને પંચ,
એણિ પેરે કાઉસ્સગ્ગ જો કરે, તો જાયે ભવ સંચ. ૩
અનુક્રમે કાઉસ્સગ્ગ મન ધરો, ગુણિ લેજો વીશ,
વીશ સ્થાનક એમ જાણીએ, સંક્ષેપથી લેશ. ૪
ભાવ ધરી મનમાં ઘણો, જો એક પદ આરાધે,
જિન ઉત્તમ પદ પદ્મને, નમિ નિજ કારજ સાધે. ૫

## શ્રી વીશસ્થાનકનું સ્તવન

સદ્ગુરુ ચરણ નમી કરીજી, સમરી સરસ્વતી માત;
વીશસ્થાનક તપ વરણવું જી, સમકિતને અવદાત,
મનમોહનજિનજી, હવે ઝાલ્યો તુમ હાથ, તે નવિ છોડું;
સાહિબાજી, વિના સિદ્ધચે નિજ કાજ૦ મન૦ ૧

પહેલે પદ અરિહંત નમોજી, બીજે સિદ્ધ અનંત;
ત્રીજે પવયણ મન ધરોજી, ચોથે સૂરિ ગુણવંત. મન૦ ૨

થિવિર નમો પદ પાંચમેજી, પાઠક પ્રવચન જાણ;
સાધુ નમો સવિ સાતમેજી, આઠમે નિરમલનાણ. મન૦ ૩

સમકિત દરસણ મન ધરોજી, વિનય કરો ગુણવંત,
ચારિત્રપદ અગીયારમેજી, બારમે ધરો બ્રહ્મવ્રત. મન૦ ૪

ક્રિયાશુદ્ધિ કીજીએજી, ચોદમે તપ નિરધાર;
પન્નરમે ગોયમ નમોજી, સોલમે જિનવર ભાણ. મન૦ ૫

સત્તરમે સંજમ ભલુંજી, જ્ઞાન લહો ગુણ ખાણ;
સૂત્રસિદ્ધાંત ઓગણીશમેજી વીશમે તીરથની જાત્ર. મન૦ ૬

ચોવીશ પંદર બારનોજી, છત્રીસ દશ પણવીશ;
સગવીશ પણ સડસઠતણોજી દસસિત્તેર નવ પણવીશ. ૭

બાર અડવીશ ચોવીસત્તરજી, ઈગવનપીસ્તાલીશ પાંચ;
અનુક્રમે કાઉસ્સગ્ગ જે કરેજી, તે પામે શિવવાસ. મન૦ ૮

ષટ્ માસે એમ કીજીયેજી, ઓળી એક સુજાણ;
પડિકમણાં દોય ટંકનાજી, પડિલેહણ બે વાર. મન૦ ૯

દેવવંદન ત્રણ ટંકનાજી, દેવ પૂજે ત્રિકાલ;
ગુણણું ગણો મન થિર કરીજી, ગુરુવૈયાવચ્ચ સાર. મન૦ ૧૦

તપથી સવિ સંકટ ટલેજી, તપથી જાય ક્લેશ;
તપથી મનવાંછિત ફલેજી, દુઃખ ન પામે લેશ. મન૦ ૧૧

શુદ્ધ મને આરાધતાંજી, તીર્થંકર પદ જાસ;
મોહનમુનિના હેમનેજી, ધો સમકિત ગુણપાસ. મન૦ ૧૨

## શ્રી વીશસ્થાનકનું સ્તવન

હાંરે મારે પ્રણમું સરસ્વતી માંગું વચન વિલાસ જો,
વીશે રે તપ સ્થાનક મહિમા ગાઈશું રે લોલ,
હાંરે મારે પ્રથમ અરિહંત પદ લોગસ્સ ચોવીસ જો,
બીજે રે સિદ્ધ સ્થાનક પંદર લાવશું રે લોલ. ૧

હાંરે મારે ત્રીજે પવયણ ગણો લોગસ્સ પીસ્તાલીશજો,
ચોથે રે આચરિયાણં છત્રીશનો સહી રે લોલ,
હાંરે મારે થેરાણં પદ પાંચમે દશ ઉદાર જો.
છટ્ઠે રે ઉવજ્ઝાયાણં પચવીશનો સહી રે લોલ. ૨

સાતમે નમો લોએ સવ્વસાહૂ સત્તાવીશ જો,
આઠમે નમો નાણસ્સ પંચ ભાવશું રે લોલ,
હાંરે નવમે દરિસણ સડસઠ મનને ઉદાર જો,
દસમે નમો વિણયસ્સ દશ વખાણીયે રે લોલ. ૩

હાંરે અગ્યારમે નમો ચારિતસ્સ સત્તર જો,
બારમે નમો બંભસ્સ નવ ગણો સહિ રે લોલ,
હાંરે કિરિયાણં પદ તેરમે વલી પચવીશ જો,
ચોદમે નમો તવસ્સ બાર ગણો સહી રે લોલ. ૪

હાંરે પંદરમે નમો ગોયમસ્સ અટ્ઠાવીશ જો,
નમો જિણાણં ચઉવીશ ગણશું સોલમે રે લોલ,
સત્તરમે નમો ચારિત્ત લોગસ્સ સિત્તેર જો,
નાણસ્સનો પદ ગણ એકાવન અઢારમે રે લોલ. ૫

હાંરે ઓગણીશમે નમો સૂઅસ્સ વીશ પીસ્તાલીશ જો,
વીશમે નમો તિત્થસ્સ વીશ પ્રભાવશું રે લોલ,
હાંરે એ તપનો મહિમા ચારશેં ઉપર વીશ જો,
પટ્માસે એક ઓળી પૂરી કીજીયે રે લોલ. ૬

હાંરે તપ કરતાં વલી ગણીયે દોય હજાર જો,
નવકારવાલી વીશે સ્થાનક ભાવશું રે લોલ,
ઉજમણા વિધિ કીજે વિનય લીજીએ રે લોલ. ૭

હાંરે એ તપનો મહિમા કહે શ્રી જિનરાય જો,
વિસ્તારે ઈમ સંબંધ ગોયમ સ્વામીને રે લોલ,
હાંરે તપ કરતાં વલી તીર્થંકર પદ હોય જો,
દેવ ગુરુ ઈમ કાંતિ સ્તવન સોહામણો રે લોલ. ૮

(શ્રી જિનહર્ષ કૃત)

## શ્રી વીશસ્થાનક તપની મહિમા સૂચક ઢાળ

### દોહા

સકલ સિદ્ધિ સંપત્તિકરણ, હરણ તિમિર અજ્ઞાન;
ત્રણે કાલના જિન નમું, આણી ભાવ પ્રધાન. ૧

મહાવિદેહે વિચરતા, વંદું જિનવર વિશ;
સંઘ ચતુર્વિધ આગલે, ધર્મ કહે જગદીશ. ૨

નમતા નવનિધિ પામીએ, જપતા પાતક જાય;
પૂજતા શિવપદ દીએ, ખામતણી (લોભતણો) [1]ખલન્યાય. ૩

શ્રી જિનપદ પ્રાપ્તિભણી, ઉત્તમ તપ ઉચ્છાંહી:
વીશ સ્થાનક નામે કહું, શ્રી જિન આગમ માંહિ. ૪

ચાર ભેદ જિનધર્મના, દાન, શીલ, તપ, ભાવ;
સુખારામ અમૃતજલદ, ભવદુઃખસાયર નાવ. ૫

### ઢાલ પહેલી-ચોપાઈની દેશી.

દાનસુપાત્રેનિર્મલ શીલ, તપ અનેક શુભ ભાવન લીલ,
ભવસમુદ્ર પ્રવહણ ઉપદિશ્યાં, ચાર ધર્મ ભવિયણ મન વસ્યાં. ૧

દાનતણાં લાખ્યા ત્રણભેદ, અભયદાન સુપાત્ર ઉમેદ,
ધર્મોપગ્રહ દાનતૃતીય, જિનવરએહ કહ્યા હિત લાય. ૨

બ્રહ્મભેદ અષ્ટાદશ ધાર, સર્વ ધર્મમાંહી સિરદાર,
બાહ્યઅભ્યંતર સોચી જોય, તપના ભેદ કહ્યા એમ દોય. ૩

ઉત્તમ મન ધરીએ પરિણામ, સત્યક્રિયાસ્વાદયાયસુહામ,
ભાવધર્મમાંહે પરધાન, ભાવે બહુ ફલ હોયે નિદાન. ૪

---

૧. ખલામાં કબુતર પડે તેમ જિનેશ્વરદેવો નવવિધિ વિ. સઘલા લાભો એકી સાથે આપે છે.

દાન શીલતપજપઅનુષ્ઠાન, ભાવવિનાનિષ્ફલ બહુમાન,
શાલ દાલ ભોજન બહુભાંતિ, લવણવિના નિઃસ્વાદ જ હુંતિ. ૫
તપ અનેક જિનશાસનમાંહિ,તેહ પ્રસિદ્ધ કહ્યા જિનરાહી,
પણ એ વીશસ્થાનક સમ કોય, તપ નહિ હિયે વિમાસી જોય. ૬
આરાધે એ થાનક વીશ, નર નારી ભાવે નિશદિશ,
અરિહંતાદિક માંહે તેહ, તીર્થંકરપદ લહે ગુણગેહ. ૭
અરિહંત[1] સિ[2]દ્ધપવ[3]યણ ગુ[4]રુ થેર, બ[5]હુ સુ[6]યતપ[7]સી નહિ કોઈ ફેર,
એહતણું વાત્સલ્ય કરેહ, [8]જ્ઞાનતણો ઉપયોગ ધરેહ. ૮
[9]દંસણવિણ[10]ય આવશ્ય[11]ક એહ શીલવ્રતશું[12] ધરીએ નેહ,
ક્ષણાક્ષણધરીએ મન શુભધ્યાન, શુદ્ધ[13] [14]સુપાત્રે દીજેદાન[15]. ૯
[16]વૈયાવચ્ચસુ[17]સંઘસમાધિ, [18]જ્ઞાનઅપૂર્વગ્રહણઅપ્યાધિ,
[19]શ્રુતનીભક્તિસુશક્તેકરે, [20]પ્રવચન દીપાવે બહુ પરે. ૧૦
વીશે થાનક સેવે કાય, એહથી જિનવર પદવી થાય,
મુક્તિતણાસુખ પામે સહી, એહવી વાત જિનેશ્વર કહી. ૧૧
પ્રથમચરમજિનવરભાસીયા, એ થાનક સઘલાં ફાસીયાં,
મજ્ઝિમ બાવીશે જિનવરે, એકાદોયત્રણસઘલા ચરે. ૧૨
ભવ્ય.. જીવઉપકારહભણી, સાધના કરવા સ્વારથ તણી,
પ્રગટ દેખાડ્યાં એ દષ્ટાંત, તાસ સ્વરૂપ કહું ગુણવંત. ૧૩
ધર્મજિનેશ્વરેદોય પ્રકાર, સાધુશ્રાવકનો કહ્યો વિચાર,
સમકિતશુદ્ધક્રિયાફલહોય, જિનશાસનમેં બોલ્યું જોય,
સમકિત જ્ઞાન સહિત ગુણખાણ, એહથી બીજાં કષ્ટ અનાણ. ૧૫
દાન શીલ તપ પૂજા જેહ, તીરથ યાત્રા દયા કરેહ,
શ્રાવકપણું વ્રતપણું શુભેય, સમકિતમૂલ મહાફલ દેય. ૧૬
સઘલેહી થાનકે સંકેત, સમ્યગ્ દર્શન નિર્મલ હેત,
કરવી જિનવરપૂજા ત્રિકાલ, થઈ જિનહર્ષ પ્રથમ એ ઢાળ. ૧૭

(આની બીજી ઢાળો હોવા સંભવ છે પણ લભ્ય નથી.)

# અથ વીશસ્થાનકના તપની સ્તુતિ

પૂછે ગૌતમ વીર જિણંદા, સમવસરણ બેઠા સુખકંદાઃ પૂજિત અમર સુરિંદા, કેમ નિકાચે પદ જિનચંદા, કિણ વિધ તપ કરતાં ભવ ફંદા, ટાલે દુરિત દંદા, તવ લાખે પ્રભુજી ગતનિંદા, સુણ ગૌતમ વસુભૂતિ નંદા, નિર્મલ તપ અરવિંદા, વીશસ્થાનક તપ કરતા મહિંદા, જિમ તારક સમુદાયે ચંદા, તિમ એ સવિ તપ ઇંદા. ૧. પ્રથમ પદે અરિહંત નમીજે, બીજે સિદ્ધ પવયણ, પદ ત્રીજે આચારજ થેર ઠવિજે, ઉપાધ્યાય ને સાધુ ગ્રહીજે, નાણ દંસણ પદ વિનય વહીજે, અગીયારમે ચારિત્રે લીજે; બંભવય-ધારીણં ગણીજે, કિરીયાણં તવસ્સ કરીજે, ગોયમ જિણાણં લહીજે, ચારિત્ર નાણ શ્રુત તિત્થસ્સ કીજે, ત્રીજે ભવ તપ કરત સુણીજે, એ સવિ જિન તપ લીજે. ૨. આદિ નમો પદ સઘલે ઠવીશ, બાર પન્નર બાર વલી છત્રીશ, દશ પણવીશ સગવીશ, પાંચ ને સદસઠ તેર ગણીશ, સત્તર નવ કિરિયા પચવીશ, બાર અટ્ઠાવીશ ચઉવીશ, સિત્તેર ઇગવન્ન પીસ્તાલીશ, પાંચ લોગસ્સ કાઉસ્સગ્ગ કહીશ, નોકારવાલી વીશ, એક એક પદે ઉપવાસ જ વીશ, માસ ષટે એક ઓળી કરીશ, ઈમ સિદ્ધાંત જગીશ. ૩. શકતે એકાસણું તિવિહાર, છટ્ઠ-અટ્ઠમ ખમાસમણ ઉદાર, પડિકમણાં દોય વાર, ઇત્યાદિક વિધિ ગુરુગમ ધર, એક પદ આરાધન ભવ પાર, ઉજમણું વિવિધ પ્રકાર, માતંગ યક્ષ કરે મનોહાર, દેવી સિદ્ધાઈ શાસન રખવાલ, સંઘવિઘન-અપહાર, ખિમાવિજય જસ ઉપર પ્યાર, શુભ ભવિયણ ધર્મે આધાર, વીરવિજય જયકાર. ૪

